RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 10* Date: 04.11.2020 Wendsday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### બિહારમાં વડાપ્રધાનનો ચોથો પ્રવાસ, વિપક્ષ પર વરસ્યા

# જંગલરાજવાળાઓને ભારત માતા કી જય બોલવાથી પણ તાવ આવી જાય છેઃ મોદી



*પટના,તા.૩*

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો બિહારમાં ચોથો પ્રવાસ છે. તેમણે અરરિયા જિલ્લાના ફારબસગંજમાં રેલી યોજી હતી. મોદીએ નામ લીધા વગર રાહુલ ગાંધી અને તેજસ્વી યાદવ પર નિશાન સાધતાં કહ્યું હતું કે × બિહારની પવિત્ર ભૂમિએ નક્કી કરી લીધું છે કે આ દશકામાં બિહારને નવી ઊંચાઈ પર લઈ જઈશું. બિહારના લોકોએ જંગલરાજ અને ડબલ-ડબલ યુવરાજને નકારી દીધા છે. બિહારમાં આજે પરિવારવાદ અને ગુંડાગીરી હારી રહ્યાં છે, કાયદાનું શાસન લાવનારા જીતી રહ્યા છે.

મોદીએ કહ્યું હતું કે એનડીએના વિરોધ કરી રહ્યા છે, તેઓ ઘણુંબધું ખાધા પછી પણ બિહારને લાલચ ભરી નજરે જોઈ રહ્યા છે, પરંતુ બિહારના લોકો જાણે છે કે કોણ બિહારનો વિકાસ ઈચ્છે છે અને કોણ પરિવારનો છે. આજે બિહારમાં કુટુંબવાદ હારી રહ્યો છે. બિહારમાં આજે રંગીનતા અને ગેરવસૂલી હારી રહી છે. વિકાસ જીતી રહ્યો છે. આજે બિહારમાં અહંકાર હારી રહ્યો છે અને પરિશ્રમ જીતી રહ્યો છે. કોંગ્રેસ પર પ્રહાર કરતા કહ્યું કે આજે કોંગ્રેસની હાલત એવી છે કે લોકસભા અને રાજ્યસભા ભેગી કરી તો પણ તેમની પાસે ૧૦૦ સાંસદ નથી.

બિહાર એ દિવસોને ભૂલી શકતું નથી, જ્યારે ચૂંટણીને આ લોકોએ મજાક બનાવી દીધી હતી. તેમના માટે ચૂંટણીનો અર્થ હતો, ચારે તરફ હિંસા, હત્યા, બૂથ કેપ્ચરિંગ, બિહારના ગરીબો પાસેથી આ લોકોએ મત આપવાનો અધિકાર પણ છીનવી લીધો હતો. ગરીબોને ઘરમાં કેદ કરી તેમના નામ પર જંગલરાજવાળા જઈને મતદાન કરી આવતા હતા.

આ દિવસોમાં હું જોઉં છું, મહિલાઓ કહી રહી છે, ઘરના સભ્યોએ જે કરવાનું હોય એ કરે, હું તો મોદી સાથે જ જઈશ. દરેક માતા, પુત્રી અમને બધાને આશીર્વાદ આપી રહી છે, આ લોકશાહીની તાકાત છે. બિહારમાં પહેલાં જેવી સ્થિતિ હોત તો આ ગરીબ માતાનો દીકરો ક્યારેય વડાપ્રધાન ન બની શક્યો હોત. આજે જ્યારે ગરીબોને તેમનો હક મળ્યો છે ત્યારે તેમણે દેશના રાજકારણની દિશા નિર્ધારિત કરવાની કમાન પણ જાતે જ સંભાળી છે.×

હવે ૨૦૨૧થી ૨૦૩૦ના દાયકામાં બિહારની અપેક્ષાઓ પૂર્ણ કરવાનો સમય છે. છેલ્લા દાયકામાં બિહારના દરેક ઘરમાં વીજળી પહોંચી હતી, હવે આ દાયકામાં બિહારને ચોવીસ કલાક ઝગમગાવવાનું છે. છેલ્લા દાયકામાં રસ્તાની સ્થિતિમાં સુધારો થયો છે, હવે નવા એરપોર્ટ, નવા વોટરપોર્ટ આપવામાં આવશે. છેલ્લા દાયકામાં જંગલરાજની અસર ઓછી થઈ છે, હવે સમય નવી ઉડાન ભરવાનો છે. બિહાર હવે તે લોકોને ઓળખી ચૂક્યું છે, જેમનું સપનું છે કે ગમે તે રીતે લોકોને ડરાવીને, અફવા ફેલાવીને, સમાજના ભાગલા પાડીને, ગમે તે કરીને પણ સત્તા મેળવવી. તેમની તો વર્ષોથી જ આ વિચારધારા છે. તેમણે આ જ જોયું છે, આ જ સમજ્યું છે અને આ જ શીખ્યા છે.

**બંને સંસદોને ભેગા કરીને પણ કોંગ્રેસના આજે ૧૦૦ સાંસદ નથી થતા, જે જનતાએ ખોટા વાયદાઓ આપ્યા તેમણે જ કોંગ્રેસને સજા આપી**

### કુલ કેસનો આંકડો ૮૨.૬૭ લાખ, વધુ ૪૯૦ના મોત સાથે મૃત્યુઆંક ૧.૨૩ લાખે

# દેશમાં કોરોના હાંફયોઃ ૨૪ કલાકમાં ૩૮૩૧૦ પોઝિટિવ કેસ નોંધાયા

*ન્યુ દિલ્હી,તા.૩*

દુનિયામાં કોરોના વાયરસનો કહેર થોભવાનું નામ જ લઈ રહ્યું નથી. સતત કોરોનાના આંક વધી રહ્યા છે. છતાં ભારતમાં કોરોનાની સ્થિતિમાં સુધારો જોવા મળી રહ્યો છે. કેમ કે એક દિવસમાં નોંધાતા કોરોનાના કેસની સંખ્યામાં સતત ઘટાડો નોંધાયો છે. એક્ટિવ કેસની સંખ્યા ૩૦ જુલાઈ બાદ સૌથી ઓછી છે. સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી મંગળવારે સવારે રજૂ કરવામાં આવેલા આંકડા મુજબ દેશોમાં એક્ટિવ કેસ ૫,૪૧,૪૦૫ રહ્યા છે. ત્યારે છેલ્લાં ૨૪ કલાકમાં ૩૮,૩૧૦ નવા કોરોના કેસ સામે આવતા સંક્રમિતોની સંખ્યા ૮૨,૬૭,૬૨૩ થઈ ગઈ છે. છેલ્લાં ૨૪ કલાકમાં ૪૯૦ લોકોના મૃત્યુ થયા છે. અત્યાર સુધીમાં ૧,૨૩,૦૯૭ લોકોના મોત કોરોના વાયરસના લીધે થયા છે.

૨૪ કલાકમાં ૫૮,૩૨૩ દર્દી સાજા થતા અત્યાર સુધીમાં કુલ ૭૬,૦૩,૧૨૧ લોકો સાજા થયા છે. દેશમાં છેલ્લાં ૨૪ કલાકમાં ૧૦,૪૬,૨૪૭ ટેસ્ટ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ટેસ્ટની સંખ્યા ૧૧,૧૭,૮૯,૩૫૦૧ છે.

એક્ટિવ કેસની સંખ્યા ૩૦ જુલાઈ બાદ સૌથી ઓછી નોંધાયી છે. દેશમાં કોરોનાનો રિકવરી રેટ ૯૧.૯૬% છે. જ્યારે એક્ટિવ દર્દી ૬.૫૪% છે. ડેથ રેટ ૧.૪૮% છે. તેમજ પોઝિટિવિટી રેટ ૩.૬૬% નોંધાયો છે.

સપ્ટેમ્બરમાં પીક વીત્યા બાદથી દેશમાં સતત કોરોનાના નવા કેસમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. એક્સપર્ટનું કહેવું છે કે આંકડા ભલે ઓછા થયા હોય પરંતુ ખતરો ઓછો થયો નથી. આપણે હજુ એટલી જ સાવધાની રાખવાની જરૂર છે. બહુ જ જરૂરી હોય તો જ ઘરની બહાર નીકળો, માસ્ક અને સોશિયલ ડિસ્ટેંસિંગને જ કોરોનાની દવા સમજો.

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના જણાવ્યાં મુજબ દેશમાં અત્યાર સુધીમાં કોરોનાના કુલ ૧૧,૧૭,૮૯,૩૫૦ ટેસ્ટ હાથ ધરાયા છે. જેમાંથી ૧૦,૪૬,૨૪૭ ટેસ્ટ ગઈ કાલે કરવામાં આવ્યા હતા.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે જાહેર કરેલા આંકડા મુજબ દેશમાં કોરોનાનો રિકવરી રેટ વધીને ૯૧.૯૬ ટકા થયો છે. જ્યારે કોરોનાથી મૃત્યુદર ૧.૪૯ ટકા છે. દેશમાં સતત પાંચમા દિવસે પોઝિટિવ કેસની સંખ્યા છ લાખથી ઓછી રહી છે. આંકડા મુજબ દેશમાં હાલ ૫,૪૧,૪૦૫ લોકો કોરોના વાયરસની સારવાર હેઠળ છે. જે કુલ કેસના ૬.૫૫ ટકા છે.

# મુખ્યમંત્રી નીતિશ કુમારની રેલીમાં પથ્થર-ડુંગળીનો મારોઃ બોલ્યા હજુ ફેંકો

*મધુબની,તા.૩*

બિહાર વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કાના મતદાન વચ્ચે મુખ્યમંત્રી નીતીશકુમાર ત્રીજા તબક્કાના મતદાન માટે મધુબનીના હરલાખીમાં જાહેર સભાને સંબોધવા પહોંચ્યા હતા. સભા દરમ્યાન ઝસ નીતીશકુમાર પર ચાલુ ભાષણે દરમિયાન ભીડમાંથી એક યુવકે પથ્થર ફેંક્યો હતો. નીતીશ પર ડુંગળી પણ ફેંકવામાં આવી હતી.

નીતીશ પર પથ્થર ફેંકનારા યુવકે દારૂબંધીને લઈને હોબાળો મચાવ્યો હતો. પથ્થર ફેંકનાર વ્યક્તિએ સતત નારેબાજી કરતા કહ્યું હતું કે, બિહારમાં જાહેરમાં દારૂ વેચાઈ રહ્યો છે. દારૂની તસ્કરી થઈ રહી છે પરંતુ તમે કંઈ કરી શકતા નથી. નીતીશ કુમારના સુરક્ષાકર્મીઓએ તે વ્યક્તિને રોકવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ ગુસ્સાથી લાલઘુમ નીતીશ કુમારે કહ્યું હતું કે, ફેંકવા દો, જેટલા ફેંકવા હોય ફેંકવા દો.

જોકે નીતીશ કુમારે પોતાનું ભાષણ યથાવત રાખ્યું હતું. નીતીશ પોતાના ભાષણને આગળ વધારતા કહ્યું હતું કે, અમે તે માટે કહી રહ્યા છીએ કે સરકાર આવ્યા બાદ રોજગારની તકો ઉભી થશે. કોઈએ બહાર જવું પડશે નહીં. જે લોકો આજે સરકારી નોકરીની વાત કરી રહ્યા છે તેઓ જવાબ આપે કે જ્યારે તે સત્તામાં હતા તો કેટલા લોકોને રોજગાર આપ્યો?

ચૂંટણી પ્રચાર દરમિયાન નીતીશ કુમારે ઘણીવાર વિરોધનો સામનો કરવો પડ્યો છે. ઘણી રેલીઓમાં નીતીશ કુમારની સામે તેમના વિરોધ નારેબાજીકરવામાં આવી છે. અગાઉ મુઝફ્ફરપુરની રેલીમાં નીતીશ સામે કેટલાક લોકોએ લાલૂ યાદવ જિંદાબાદના નારા લગાવ્યા હતા. આ દરમિયાન નીતીશે કહ્યું હતું કે, જેના જિંદાબાદના નારા લગાવી રહ્યા છો તેને સાંભળવા જાવ.

### લૉકડાઉનની આગલી રાત્રે આનંદ માણી રહેલા લોકો પર અંધાધૂંધ ગોળીબાર

# વિયેનામાં આતંકવાદી હુમલોઃ છ સ્થળે ગોળીબાર,૭નાં મોત

*વિયેના,તા.૩*

ઓસ્ટ્રિયાના પાટનગર વિયેનામાં છ સ્થળે થયેલા આતંકવાદી હુમલામાં ઓછામાં ઓછા સાત જણ માર્યા ગયા હતા અને ૧૫ ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં છે.

કોરોના વધવાના પગલે લૉકડાઉન જાહેર કરાયો એના થોડા કલાકો પહેલાં આ હુમલો થયો હતો. હુમલો થયાના કેટલાક કલાકો બાદ ઓસ્ટ્રિયાના ચાન્સેલર સેબાસ્ટિયન કુર્ઝે કહ્યું હતું કે અમે આતંકવાદથી ડરવાના નથી. અમે વિયેનામાં ધિક્કારપાત્ર આતંકવાદી હુમલાનો ભોગ બન્યા છીએ. એક આતંકવાદીને ઠાર કરી દેવાયો છે પરંતુ બીજા આતંકવાદી હજુ સક્રિય હતા.

ઓસ્ટ્રિયામાં મુંબઈની જેવા જ આતંકી હુમલા પછી ભારતમાં તેનું દૂતાવાસ ૧૧ નવેમ્બર સુધી બંધ રહેશે. આ જાણકારી ઓસ્ટ્રિયાના દૂતાવાસે આપી છે. સુરક્ષા કારણોના લીધે હાલ આમ કરવામાં આવ્યું છે.

કુર્ઝે વધુમાં કહ્યું કે આતંકવાદીઓ પાસે લેટેસ્ટ શસ્ત્રો હતા. એના પરથી સમજાતું હતું કે એ લોકો કેટલી પૂર્વતૈયારી સાથે આવ્યા હશે. પોલીસે કહ્યું કે સ્થાનિક સમય મુજબ સોમવારે રાત્રે આઠ વાગ્યે હુમલાના પહેલા ખબર અમને મળ્યા હતા. પાટનગરના છ વિસ્તારોમાં ગોળીબાર થયા હતા. એક વિડિયો ક્લીપ વહેતી થઈ હતી જેમાં જોઇ શકાતું હતું કે હુમલાખોર લેટેસ્ટ શસ્ત્રા સાથે સડક પર આડેધડ ગોળીબાર કરી રહ્યો હતો. હુમલાનું કારણ હજુ સુધી જાણી શકાયું નુહોતું.

ચાન્સેલર કુર્ઝે એવો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો કે આ હુમલો યહૂદી વિરોધી હોઈ શકે. આ હુમલો એક યહૂદી ધર્મસ્થળ નજીક થયો હતો એટલે એમ માની શકાય કે યહૂદી વિરોધી હુમલો હતો. જો કે હુમલો થયો ત્યારે ધર્મસ્થળ બંધ હતું. ઓસ્ટ્રિયાના ગૃહ પ્રધાન કાર્લ નેહમરે કહ્યું કે લશ્કરને આદેશ આપી દેવામાં આવ્યો હતો કે મહત્ત્વનાં સ્થળોનું રક્ષણ કરવા પહોંચી જાય. તેમણે વિયેનાવાસીઓને કહ્યું હતું કે મંગળારે તમારાં બાળકોને સ્કૂલમાં મોકલતા નહીં. તમે પણ અનિવાર્ય કામ સિવાય ઘરમાં રહેજો.





નોંધનીય છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઓસ્ટ્રિયાની રાજધાની વિયેનામાં થયેલા આ આતંકી હુમલાની નીંદા કરતા શોક વ્યક્ત કર્યો છે. તેમણે કહ્યું કે ભારત વિયેનાની સાથે છે. અને તેમણે પીડિત પરિવારો માટે સાંત્વના પણ વ્યક્ત કરી હતી.

આ આતંકવાદી ઘટના એવા સમયે થઈ જ્યારે ઑસ્ટ્રિયામાં કોરોના વાઈરસના સંક્રમણે કાબૂમાં કરવા માટે એક વખત ફરીથી લૉકડાઉન લાગૂ કરવામાં આવી રહ્યું હતું. લોકડાઉન લાગૂ થયાની એક રાત પહેલા લોકો આઝાદીનો આનંદ માણી રહ્યાં હતા, ત્યારે જ આ હુમલો કરવામાં આવ્યો હતો.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**

**કોરોના નવા કેસની સંખ્યાઃ૯૫૪**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૧૭૫૬૩૩**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૦૬**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૧૧૯૭**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૧૫૯૪૪૮**

# રાજ્યસભામાં ભાજપ મજબૂતઃ એનડીએનું સંખ્યા ૧૧૨ઃ બહુમતથી ૧૦ બેઠક દૂર

*ન્યુ દિલ્હી,તા.૩*

રાજ્યસભાની ૧૧ બેઠકોની ચૂંટણીનાં પરિણામો જાહેર થઇ ચૂક્યાં છે. ૧૧માંથી નવ બેઠકો ભાજપે મેળવી લીધી હતી. એ સાથે રાજ્યસભામાં ભાજપની સ્થિતિ મજબૂત થઇ ગઇ હતી.

રાજ્યસભામાં ભાજપની બેઠકોનો આંક ૯૨ પર પહોંચ્યો હતો જ્યારે કોંગ્રેસ ૩૮ બેઠકો ધરાવતી હતી. એક સમયે રાજ્યસભામાં કોંગ્રેસની બે તૃતિયાંશ બહુમતી રહેતી હતી એટલે ભાજપ કોઇ નક્કર નીતિનો અમલ કરવાની સ્થિતિમાં નહોતો. આજે કોંગ્રેસ મૃતપ્રાય બની ગઇ હોય એવી છાપ પડી રહી હતી.

રાજ્યસભામાં બહુમતી મેળવવા માટે ભાજપને હવે ફક્ત ૩૧ બેઠકોની જરૂર હતી. એકવાર રાજ્યસભામાં ભાજપની બહુમતી થઇ જાય પછી ભાજપ પોતાના કાર્યક્રમનો અમલ વિના વિરોધે કરી શકશે. રાજ્યસભામાં બહુમતી માટે ૧૨૩ સભ્યો જોઇએ. ભાજપના એનડીએના અન્ય સાથીઓની ગણતરી કરવામાં આવે તો ભાજપ પાસે અત્યારે ૧૧૦ સભ્યો છે. કર્ણાટકમાં ભાજપના સાંસદ અશોક ગસ્તીના અકાળ અવસાનથી એ બેઠક ખાલી થઇ હતી. એની ચૂંટણી પહેલી ડિસેંબરે થવાની છે. એમાં ભાજપની જીત નક્કી છે.

જાહેર થયેલાં પરિણામો મુજબ ઉત્તર પ્રદેશમાં આઠ અને ઉત્તરાખંડમાં એક એમ નવ બેઠકો પર ભાજપના ઉમેદવારો વિજયી નીવડ્યા હતા. આમ સંસદના ઉપલા ગૃહમાં ધીમે ધીમે ભાજપની સ્થિતિ મજબૂત બની રહી હતી. ઉત્તર પ્રદેશમાં સપા અને બસપા દરેકને એક એક બેઠક મળી હતી.

રાજ્યસભામાં અત્યારે કોંગ્રેસની ૪૦ બેઠકો છે. ૨૫મી નવેંબરે પી એલ પુનિયા અને અભિનેતા પોલિટિશયન રાજ બબ્બરની બેઠકની મુદત પૂરી થાય છે. એટલે કોંગ્રેસની બેઠકો ઘટીને ૩૮ થઇ જશે. ઉત્તર પ્રદેશથી ભાજપના જે સભ્યો જીત્યા એમાં કેન્દ્રીય પ્રધાન હરદીપ સિંઘ પુરી, નીરજ શેખ, અરુણ સિંઘ, ગીતા શાક્ય, હરિદ્વાર દૂબે, વ્રજલાલ, બીએલ શર્મા અને સીમા દ્વિવેદીનો સમાવેશ થાય છે. ઉત્તરાખંડમાં ભાજપના ઉમેદવાર નરેશ બંસલ બિનહરીફ ચૂંટાયા હતા.

## તંત્રી સ્થાનેથી...

# રાજકારણ પ્રત્યે સુગ

આપણા દેશની વિડબણા ગણો કે પ્રજાનો સ્વભાવ ! આ દેશની સરેરાશ પ્રજા રાજકારણ અને રાજરાણીઓ વિશે છુપી સુગ ધરાવે છે. રાજકારણ એટલે ગંદકી, ખંધાઈ, વિશ્વાસઘાત, અને ક્રુરતા! મોટાભાગના ભારતીયોની માનસિકતા આવી છે. તેઓ રાજકીય વ્યક્તિઓથી અંજાય છે, મત આપે છે, એમનો જય જયકાર કરે છે તોય રાજકારણ વિશે સારું વિચારતી નથી. ખરેખર તો દરેક વ્યક્તિની અંદર એક છુપો રાજકરાણી પડેલો હોય છે એટલે તે યા તો રાજકીય વ્યક્તિઓની પૂજા કરે છે યા વિરોધ. વાસ્તવમાં રાજકારણ હિમતવાન લોકોનું ક્ષેત્ર છે, જ્યાં કાચાપોચાનું કામ જ નથી.આપણા દેશમાં કશા જ કારણ વગર વગોવાયેલું, બદનામ થયેલું અને સતત નિંદાનો ભોગ બનેલું કોઈ ક્ષેત્ર હોય તો એ છે રાજકારણ અને રાજકીય વ્યક્તિઓ. ભારતની બહુધા પ્રજા રાજકારણ વિશે પોતાનો અણગમો એક યા બીજી રીતે વ્યક્ત કર્યા વગર રહી શકતી નથી. રાજકીય ક્ષેત્રના મહારર્થીઓથી માંડીને નાના પદાધિકારી સુધીના લોકો પ્રજાના અણગમાના ભોગ બનતા હોય છે. રાજકીય લોકો તરફ પ્રજાને જે માન હોવું જોઈએ તે નથી. અત્યાર સુધી એક પણ એવો રાજકીય નેતા પેદા નથી થયો જેને સમસ્ત પ્રજાએ ચાહ્યો હોય. એટલું જ નહીં ચુંટાયા હોય અને થોડા જ સમય બાદ ફેર ચુંટણી થાય ત્યારે ચુંટાયેલા પ્રતિનિધિઓ હારી જવાના બનાવો બનેલા છે. જોકે રાજકીય વ્યક્તિ ક્યારેય સર્વ સ્વીકૃત ન જ હોય. તેમ છતાં પ્રજા જેને મત આપ્યા હોય તેને જ વગોવતી હોય છે. જોકે આપણા દેશના રાજકારણનું સમાજશાસ્ત્ર જ વિચિત્ર છે. વળી પક્ષીય ધોરણે ચુંટણી લડવાની રણનિતી અને જીતેલા કે હારેલા નેતાઓની નાદાનિયત પણ ક્યારેક સમગ્ર રાજકારણને વગોવવા માટે જવાબદાર હોય છે. પરંતુ આપણી પ્રજા હજુય એક ભાવુક મનોસ્થિતિમાં જીવે છે અને ચુંટાયેલા પ્રતિનિધીઓને માલિકી ભાવથી જુએ છે. મત આપ્યા પછી એમ માને છે કે રાજકારણીઓએ ફટાફટ નિર્ણયો લેવા જોઈએ. પ્રજાના કામો ચપટી વગાડતા થઈ જવા જોઈએ. ભારતીય નાગરિક મત આપ્યા પછી પોતાની જવાબદારીઓથી હાથ ખંખેરી લેતો હોય છે. તે માને છે કે મારે કશું કરવાનું નથી, જે કરશે તે સરકાર કરશે. નાગરિક એ ભુલી જાય છે કે રાજકીય ક્ષેત્ર કોઈ સેવા મંડળ નથી. અને ચુંટાયેલા પ્રતિનિધિઓ સરહદે બંદૂક તાણીને ઊભેલા સૈનિકો નથી.દરેક વ્યક્તિને પોતાની પસંદગીનું એક ક્ષેત્ર હોય છે તેમ રાજકીય ક્ષેત્ર પણ એક પસંદગીનું કામ છે. જોકે વર્તમાન સ્થિતિ જરા વિચિત્ર છે એમા ના નહીં. રાજકારણ વ્યક્તિગત અને જન્મગત કૌશલ્યો ધરાવતી વ્યક્તિઓનું ક્ષેત્ર છે. લોકપ્રિય પક્ષ ટીકિટ આપી દે અને ચુંટાઈ આવ્યા પછી કોઈ પોતાને રાજકારણી માનવા લાગે એ જુદી સ્થિતિ છે. પણ વાસ્તવમાં રાજકીય વ્યક્તિઓ જન્મે છે, બનતા નથી. આ જ ક્ષેત્ર એવું છે જેમા ભણતરની કોઈ ડીગ્રી કામ આવતી નથી.. ભારતીય રાજકારણમાં જ્યાં ભણેલા લોકો નિષ્ફળ ગયા છે ત્યાં ઓછું ભણેલા લોકો સફળ રહ્યાના દાખલા છે. મોટી ડીગ્રી ધરાવતા અને પ્રખર બિધ્ધિશાળીઓ નિષ્ફળ ગયા છે તો અલ્પ શિક્ષિત અને અણઘડ એવા લોકો પ્રજામાં પ્રિય રહ્યા છે. તેમણે વર્ષો સુધી રાજકારણમાં પોતાનો ડંકો વગાડ્યો છે. મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી રહેલા અને આક્રમક મિજાજ ધરાવતા ઉમાભારતી ફક્ત છ ધોરણ પાસ છે. એવા જ મેનકા ગાંધી ઈન્ટર મીડીએટ છે, બિહારનું શાસન ચલાવી ચુકેલા રાબડી દેવી સાવ અભણ છે. દક્ષિણના રાજકીય મહારથી કરુણાનિધિ નવમું ધોરણ પાસ હતા, અશોક ગજપતિ રાજુનો અભ્યાસ હાઈસ્કુલ સુધીનો જ છે. આવા તો કેટલાય દાખલા છે. અહીં એમનો અભ્યાસ ભલે ઓછો છે પણ તેઓ રાજકારણમાં સફળ રહ્યા છે. વાત ફરી ફરીને ત્યાં જ આવીને ઊભી રહે છે કે રાજકારણ માત્ર બુધ્ધિ પ્રતિભાથી કે પૈસાદાર હોવાથી નથી ચાલતું. આ ક્ષેત્રમાં લોહી સાથે આવેલી રાજકીય કુનેહ કામ આવે છે.રાજકારણીઓ જુદી માટીના બનેલા હોય છે. સખત પુરુષાર્થ અને ઝનુન તેમના લોહીમાં હોય છે. ગમે તેવા મોટા આઘાતને પચાવી જવાની તેમનામાં ક્ષમતા હોય છે. આ કારણે જ જે પીઢ રાજકારણી હોય છે તે જય પરાજય કરતા તેની સામે જ તક આવે છે તેને વધારે મહત્વ આપતો હોય છે.

# આફ્રિકાના દેશ માલીમાં ફ્રાંસનો હવાઈ હુમલો, ૫૦ આતંકીઓનો ખાત્મો

*પેરિસ,તા.૩*

ફ્રાંસની વાયુસેનાએ આફ્રિકી દેશ માલીમાં સક્રિય અલકાયદાના આતંકવાદીઓ પર ભયંકર હવાઈ હુમલા કર્યા છે. ફ્રાંસના વાયુસેનાના મિરાજ યુદ્ધ વિમાન અને ડ્રોન વિમાનોએ મધ્ય માલીમાં મિસાઈલો વડે હુમલા કરતા ૫૦ ઈસ્લામિક આતંકવાદીઓ ને મોતને ઘાટ ઉતાર્યા હતાં.

માનવામાં આવે છે કે, ફ્રાંસે આ હુમલો બુર્કીન ફાસો અને નાઈઝરની સરહદ પાસે કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ આતંકવાદીઓએ ફ્રાંસમાં બે લોનવુલ્ફ હુમલા કરી સનસનાટી મચાવી હતી.

ફ્રાંસના સંરક્ષણ મંત્રી ફ્લોરેંસ પાર્લેએ માલીની સંક્રમણકાલિન સરકાર સાથે મુલાકાત બાદ કહ્યું હતું કે, ૩૦ ઓક્ટોબરે માલીમાં ફ્રેંસ એરફોર્સે એક આક્રમક કાર્યવાહી કરી હતી જેમાં ૫૦ જેહાદીઓ માર્યા ગયા હતાં. આ કાર્યવાહીમાં મોટા પ્રમાણમાં હથિયારો પણ મળી આવ્યા હતાં. આ વિસ્તારમાં માલીની સરકાર ઈસ્લામિક આતંકવાદીઓનો સામનો કરી રહી છે. ફ્રાંસના સંરક્ષણમંત્રીએ કહ્યું હતુ કે, આ હવાઈ હુમલામાં ૩૦ મોટરસાઈકલો પણ નષ્ટ થઈ ગઈ હતી.

તેમણે જણાવ્યું હતું કે, આ હુમલો એ સમયે કરવામાં આવ્યો હતો જ્યારે ડ્રોન જ્યારે અહીં મોટી સંખ્યામાં મોટરસાઈકલ પર સવાર થઈને લોકો ત્રણ દેશોની સરહદ પર એકત્ર થઈ રહ્યાં હતાં તેની જાણકારી મેળવી તો આ જેહાદીઓ ઝાડની નીચે સંતાઈ ગયા હતાં અને બચવાનો પ્રયાસ કરવા લાગ્યા હતાં. ત્યાર બાદ ફ્રાંસીસી વાયુસેનાના બે મિરાજ જેટ અને ડ્રોન વિમાનો રવાના કરવામાં આવ્યા હતાં. આ વિમાનોએ પહોંચતાની સાથે જ આતંકવાદીઓ પર મિસાઈલો વરસાવી હતી અને તમામનો ખુરદો બોલાવી દીધો હતો.

સેનાના પ્રવક્તા કર્નલ ફ્રેડરિક બાર્બીએ કહ્યું હતું કે, ૪ આતંકવાદીઓને ઝડપી લેવામાં આવ્યા છે. તેમની પાસેથી મોટા પ્રમાણમાં વિસ્ફોટકો અને આત્મઘાતી જેકેટ મળી આવ્યા હતાં. આ આતંકવાદીઓ એક સૈન્ય મથક પર હુમલો કરતાની ફિરાકમાં હતાં. બાર્બીના જણાવ્યા પ્રમાણે ઈસ્લામિક સ્ટેટના આતંકવાદીઓ સાથે ગ્રેટર સહારા વિસ્તારમાં એક અથડામણ ચાલી રહી છે. જેમાં લગભગ ૩ હજાર સૈનિકો શામેલ છે. ઉલ્લેખનીય છે કે, થોડા દિવસ પહેલા જ ફ્રાંસમાં બે જુદી જુદી ઠેકાણે આતંકવાદી હુમલા થયા હતાં. જેને દુનિયા આખીમાં સનસનાટી મચાવી હતી. આ હુમલા વિરૂદ્ધ ફ્રાંસે આકરૂ વલણ અપનાવ્યું હતું. હુમલા બાદ જ ફ્રાંસે ઈસ્લામિક આતંકવાદ વિરૂદ્ધ કાર્યવાહી હાથ ધરી છે.

# હું ક્રિકેટથી ખુશ, મારી રાજકારણમાં જોડાવાની કોઇ ઈચ્છા નથી: સૌરવ ગાંગુલી



*કલકત્તા,તા.૩*

ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ કેપ્ટન અને બેટ્સમેન સૌરવ ગાંગુલીએ ભાજપને સવિનય ના પાડતાં કહ્યું હતું કે હું ક્રિકેટથી ખુશ અને સંતુષ્ટ છું. રાજકારણમાં આવવાની મારી ઈચ્છા નથી.

પશ્ચિમ બંગાળમાં ભાજપને એક એવા નામની જરૂર હતી જે સમાજના તમામ ક્ષેત્રમાં સ્વીકાર્યો હોય. ૨૦૨૨માં રાજ્ય વિધાનસભાની ચૂંટણી છે. ભાજપ અત્યારથી એની પૂર્વતૈયારીમાં લાગી ગયો હતો. બંગાળી સેલેબ્રિટીઝને પોતાની સાથે જોડવા ભાજપ ઉત્સુક હતો. સૌરવ ગાંગુલી એ દ્રષ્ટિએ ભાજપ માટે એકદમ ફિટ ઉમેદવાર ગણાય. પશ્ચિમ બંગાળમાં સૌરવ એકદમ લોકપ્રિય છે.

ભાજપે સૌરવને પોતાની પાંખમાં લેવાના પ્રયાસો કર્યા હતા પરંતુ સૌરવે સવિનય ના પાડી હતી. સૌરવે કહ્યું કે ક્રિકેટની જવાબદારીઓ સંભાળવામાં હું ખૂબ વ્યસ્ત રહું છું અને એમાં જ મને સંતોષ છે, હું ક્રિકેટથી ખુશ છું. સૌરવે ભાજપ માટે ચૂંટણી પ્રચાર કરવાની પણ ના પાડી દીધી હોવાનું કહેવાય છે. હજુ બે દિવસ પહેલાંજ પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીની કામગીરીને લગતી તમામ જવાબદારીઓ ગૃહ પ્રધાન અમિત શાહને સોંપવામાં આવી હતી. સૌરવના ઈનકારથી ભાજપના નેતાઓ અપસેટ થયા હોવાની જાણકારી મળી હતી.

# રેરા લાગુ હોવા છતાં ફ્લેટ ખરીદનારને ગ્રાહક સુરક્ષા કાયદા હેઠળ રાહત માગવાનો હક છે: સુપ્રીમ



*ન્યુ દિલ્હી,તા.૩*

રીયલ એસ્ટેટ ક્ષેત્રે ડેવલપર્સ દ્વારા અવારનવાર ગ્રાહકોને છેતરવાની ઘટનાઓ સામે આવે છે ત્યારે સુપ્રીમ કોર્ટ દ્વારા તાજેતરમાં અપાયેલો આ નિર્ણય ગ્રાહકોના હિતમાં સાબિત થઈએ શકે છે. સુપ્રીમે એક મહત્વપૂર્ણ ફેંસલામાં જણાવ્યું હતું કે, રીયલ એસ્ટેટ વિનિયમન અને વિકાસ અધિનિયમ (રેરા),૨૦૧૬ને લાગુ કયર્છિતાં પણ ફ્લેટ ખરીદનાર રીયલ એસ્ટેટ ડેવલપર દ્વારા કહેલ સેવાઓ આપવામાં આવે નહી ત્યારે ઉપભોક્તા સંરક્ષણ અધિનિયમ હેઠળ રાહત માંગી શકે છે. ગ્રાહક દ્વારા કધઝ્યુમર પ્રોટેકશન એકટ અંતર્ગત બિલ્ડર સામે કરાયેલી ફરિયાદ ચલાવવામાં રેરા કાયદો રોકે શકે નહીં કે અવરોધ ઉભો કરી શકે નહીં.

જસ્ટીસ યુ યુ લલિત અને જસ્ટીસ વિનીત શરરણની બેન્ચે આ બાબતે કહયું હતું કે રેરાની કલમ-૭૯ ઉપભોક્તા ફોરમને ઉપભોક્તા સંરક્ષણ અધિનિયમનાં નિયમો હેઠળ કોઈ પણ બાબતની ફરિયાદ કરવા માટે પ્રતિબંધ કરાયો નથી. ફોરમને નક્કી કરાયેલા સમય કરતા ફ્લેટ સોંપવામાં વધુ સમય થાય તો તે સમય માટે ખરીદનારને વળતર અપાવવાનો અધિકાર છે.

અદાલતે મેસર્સ ઈપીરીયા સ્ટ્રક્ચર્સ લીમીટેડ દ્વારા રાષ્ટ્રીય ઉપભોક્તા વિવાદ નિવારણ આયોગનાં નિર્દેશો વિરુદ્ધ નોંધાયેલી અરજીને ફગાવી દીધી છે. જેમાં ગુરુગ્રામમાં પરિયોજનામાં મોડું થવાના કારણે ખારેદાદારોને રૂ.૫૦ હજાર દંડ સાથે રકમ ચુકવવાનો આદેશ કરાયો હતો. સુર્પીમે ડેવલપર્સની દલીલને ફગાવતા કહયું હતું કે આ પરિયોજના રેરા હેઠળ રજીસ્ટર્ડ છે આથી અન્ય કાર્યવાહીની મંજૂરી આપવામાં આવી જોઈએ નહી. રેરા અધિનિયમની કલમ ૭૯ હેઠળ સિવિલ કોર્ટ કોઈઈ પણ મુકદમા અથવા કાર્યવાહીના વિચાર પર રોક લગાવે છે. જોકે કલમ ૮૮માં કહેવામાં કહેવામાં આવ્યું છે કે રેરા ધીનીયમ એક વધારાનું પ્રાવધાન છે. રેરા અન્ય કાનુના કાયદા કે નિયમો પર અંકુશ લગાવી શકે નહી.

# અમેરિકાના જ્યોર્જિયામાં હૈદરાબાદના યુવાનની હત્યા કરાઈ

*જ્યોર્જિયા,તા.૩*

અમેરિકાના જ્યોર્જિયામાં આંધ્ર પ્રદેશના હૈદરાબાદ શહેરના વતની ૩૭ વર્ષના એક મુહમ્મદ આરિફ મોહિઉદ્દીનની હત્યા કરાઇ હતી.

જ્યોર્જિયામાં ગ્રોસરી સ્ટોર ચલાવતા આરિફનો મૃતદેહ એના ઘરની બહાર મળી આવ્યો હતો. એને છરો ભોંકીને મારી નખાયો હતો.

એની પત્ની મહેનાઝ ફાતિમાએ પતિના અંતિમ સંસ્કાર કરવા અમેરિકા જવા માટે કેન્દ્ર સરકારની મદદ માગી હતી. આરિફ છેલ્લાં દસ વર્ષથી જ્યોર્જિયામાં રહેતો હતો. મહેનાઝે મોદી સરકારને વિનંતી કરી હતી કે મને અને મારા પિતાને ઈમર્જન્સી વીઝા પર તત્કાળ અમેરિકા જવાની વ્યવસ્થા કરી આપો જેથી અમે મારા પતિના અંતિમ સંસ્કાર કરી શકીએ.ગ્રોસરી સ્ટોરના સીસીટીવીમાં સ્ટોરના એક કર્મચારી સહિત કેટલાક લોકો સ્ટોરમાં જતાં દેખાયાં હતા.

# ફ્રાન્સના સમર્થનમાં આવ્યુ યુએઈ: ક્રાઉન પ્રિન્સે કહ્યું,મુસલમાનો જીદ છોડો

*દુબઈ,તા.૩*

ફ્રાંસમાં પયંગબર મોહમ્મદનાં કાર્ટૂનને લઇને મુસ્લિમ દેશમાં ભારે નારાજગી જોવા મળી રહીં છે, ત્યાં બીજી તરફ યુએઇ ફ્રાંસના સમર્થનમાં ઉતર્યું છે. અબુધાબીના ક્રાઉન પ્રિંસ અને યુએઇના સેનાના ડેપ્યુટી સુપ્રીમ કમાન્ડર મોહમ્મદ બિન જાયેદ અલ નાહયાને ફ્રાંસના નીસ શહેરમાં થયેલા આતંકવાદી હુમલાને વખોડી કાઢી હતી. ક્રાઉન પ્રિંસે ફ્રાંસના રાષ્ટ્રપતિ ઈમેનુએલ મેક્રોં સાથે ટેલિફોન પર વાતચીક કરી અને આંતકવાદી હુમલાના પીડિતો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી. તેમણે જણાવ્યું કે આ પ્રકારની પ્રવૃતિ શાંતિ, સહિષ્ણુતા અને પ્રેમના પાઠ ભણાવાતા તમામ ધર્મોના સિદ્ધાંતો અને મુલ્યોની સામે છે. શેખ મોહમ્મદે કહ્યું કે પૈગંબર મોહમ્મદ માટે મુસલામોના મનમાં અપાર આસ્થા છે પરંતુ તેને હિંસા સાથે જોડવુ અને તેના પર રાજનીતિ કરવી અસ્વીકાર્ય છે. જણાવી દઈએ કે ફ્રાંસની વ્યંગ્યાત્મક મેગેઝીન શાર્લી હેબ્દોમાં પયગંબર મહમદનુ કાર્ટૂન ફરીથી છાપ્યું હતુ જેને લઇને મુસ્લિમ દેશોની તીખી પ્રક્રિયા સામે આવી હતી.

ફ્રાંસના નીસ શહેરમાં થયેલા હુમલાથી પહેલા એક સ્કૂલમાં પયગંબર મહમદનું કાર્ટુન બતાવનાર એક ટીચરનું સર કલમ કરી નાખ્યું હતું. શેખ મોહમ્મદે ફ્રાંસ અને આરબ દુનિયાની વચ્ચે ઐતિહાસિક અને સાંસ્કૃતિક સંબંધોની પ્રશંસા કરી. ફ્રાંસ કેટલાય મુસલમાનોનું ઘર છે. એક આરબ મુસ્લિમ દેશ હોવાના નાતે યુએઇની વિચારધારા સ્પષ્ટ છે કે તેઓ સહિષ્ણુતા, સહયોગ અને બીજા પ્રત્યે પ્રેમ જેવા મુલ્યોને માન છે.

# બે હજારનું દેવુ ચૂકવવા અનિલ અંબાણી સબસિડરી કંપનીમાંની હિસ્સેદારી વેચશે

*ન્યુ દિલ્હી,તા.૩*

દેવા હેઠળ દબાઈ ગયેલા ઉદ્યોગપતિ અનિલ અંબાણીની રિલાયન્સ ગ્રૂપની કંપની રિલાયન્સ કેપિટલ દ્વારા હવે દેવુ ઓછુ કરવા માટે પોતાની સબસિડરી કંપનીમાંની હિસ્સેદારી વેચવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ સબસિડરી કંપનીમાં રિલાયન્સ જનરલ ઈ્નસ્યોરન્સ તેમજ રિલાયન્સ નિપ્પન લાઈફ ઈન્સ્યોરન્સ, રિલાયન્સ સિક્યુરિટિઝ, રિલાયન્સ ફાઈનાન્સિયલ લિમિટેડ અને રિલાયન્સ એસેટ્સ રિકન્સ્ટ્રકશનનો સમાવેશ થાય છે.કંપની આ હિસ્સેદારી વેચીને લગભગ ૨૦૦૦૦ કરોડ રુપિયાનુ દેવુ ઓછુ કરવા માંગે છે.

અહેવાલ પ્રમાણે આ માટે રિલાયન્સ દ્વારા આ કંપનીઓમાં હિસ્સેદારીના વેચાણના ભાગરુપે જેમને હિસ્સેદારી ખરીદવામાં રસ હોય તેવા રોકાણકારો પાસેથી પ્રસ્તાવ મંગાવવામાં આવ્યા છે.જેની શરુાત ૩૧ ઓક્ટોબરથી કરાઈ છે.

સૂત્રોના કહેવા પ્રમાણે રિલાયન્સ કેપિટલે રિલાયન્સ જનરલ ઈન્સ્યોરન્સમાંથી બહારનિકળી જવાનુ નક્કી કર્યુ છે.રિલાયન્સ જનરલ ઈન્સ્યોરન્સની કેપિટલ હાલમાં ૨૫૨ કરોડ રુપિયા છે.આ સિવાય રિલાયન્સ કેપિટલ રિલાયન્સ નિપ્પન લાઈફ ઈન્સ્યોરન્માં પણ પોતાનો ૫૧ ટકા હિસ્સો વેચવા માટે યોજના બનાવી છે.નિપ્પન જાપાનની સૌથી મોટી લાઈફ ઈન્સ્યોરન્સ કંપની છે.જેની કેપિટલ હાલમાં ૧૧૯૬ કરોડ રુપિયા છે.

આ સિવાય રિલાયન્સ કેપિટલ રિલાયન્સ સિક્યોરિટિઝ અને રિલાયન્સ ફાઈનાન્સિયલ લિમિટેડમાં પણ ૧૦૦ ટકા હિસ્સો વેચી દશે, રિલાયન્સ એસેટ રિકન્સટ્રકશનમાંથી પણ ૪૯ ટકા હિસ્સો ચેવામાં આવશે.ઈન્ડિયન કોમોડિટી એક્સચેન્જમાં કંપનીની ૨૦ ટકા ભાગીદારીનુ પણ વેચાણ થશે.

# પતિની ઇચ્છા, પત્ની કરે પ્રશંસા




પોતાના વખાણ સાંભળવા કોને ગમતા નથી? તેમાં પણ પ્રિય પાત્ર દ્વારા જ્યારે પ્રશંસા કરવામાં આવે ત્યારે ખુશીમાં બે ગણો વધારો થઇ જાય છે. પ્રિય પાત્ર દ્વારા કરવામાં આવેલા વખાણના કારણે કોઇપણ કાર્ય બમણી મહેનત સાથે પૂર્ણ કરવામાં અને સફળતાના રસ્તે આગળ વધવામાં પ્રેરક બળ પૂરું પાડનાર બની રહે છે. જીવનસાથી જ્યારે આ પ્રકારના વખાણ કરે ત્યારે દાંમ્પત્યજીવનની મધુરતામાં વધારો થાય છે. એક વાત દરેક પત્નીએ વિચારવી જોઇએ કે તે હંમેશા પોતાના પતિ પાસેથી તેના દ્વારા કરાયેલા કામના વખાણ સાંભળવાની અપેક્ષા રાખતી હોય છે, તો પત્નીએ પણ ક્યારેક પતિના વખાણ કરવામાં ખચકાટ રાખવો જોઇએ નહીં. જીવનસાથીએ જીવનના દરેક માર્ગ પર એકબીજા થકી મળેલી સફળતાને જાહેર કરતા રહીને પ્રેમની આંતરમુખી અનુભૂતિ કરાવતા રહેવી જોઇએ.

૧. ‘હું પોતે કેટલી સુંદર છુંહ્ર તેનો અહેસાસ તમે મને કરાવ્યો છે. તમારા આ શબ્દો પતિ માટે સારામાં સારી પ્રશંસા બની જશે. તમારે એ વાત પણ સ્પષ્ટ કરવી કે આ વાક્ય દ્વારા તમે એમપણ કહેવા માગો છો કે તેમણે તમારા માટે જેપણ કઇ કર્યું છે તેના કારણે તમને આવો અનુભવ થઇ રહ્યો છે.

૨. જે પ્રકારે તમે પરિસ્થિતિને સાચવી લીધી, તેની હું દિલથી પ્રશંસા કરું છું, આ સાંભળવું પુરુષોને ગમે છે. કારણકે જ્યારે તેમના નિર્ણયો અને ક્ષમતાના વખાણ કરવામાં આવે ત્યારે તેમને દિલથી રાજીપો થાય છે. તેનાથી તેમના આત્મવિશ્વાસમાં વધારો થાય છે.

૩. તમે ખૂબ જ સ્વાદિષ્ટ ભોજન બનાવ્યું છે. પતિદેવ જ્યારે ક્યારેક તમારા માટે મહેનત કરીને રસોડામાં પગ મૂકે ત્યારે તેમણે કરેલા પ્રયત્નને બિરદાવવો જોઇએ. ક્યારેક ભોજન અને તેમા પણ અનેરા ઉત્સાહ અને દિલથી બનાવવામાં આવેલા ભોજનના તો ખાસ વખાણ કરવા જોઇએ. તે તમને ખુશ રાખવા માટે આ કરી રહ્યા છે, તો તમારે પણ તેમને ખુશી આપવી જોઇએ.

૪. મારા મિત્રો અને કુટુંબના લોકોને તમારી સાથે ખૂબ ગમે છે. સંબંધમાં તો જ તાજગી જળવાઈ રહે છે; જ્યારે તમે એકબીજાને પોતાના સમજવા લાગો છો. તેમને એ વાત જાણીને ખૂબ આનંદ થશે, કે જે મિત્રો અને પરિવારના લોકોને તમે ખાસ ગણો છો. તેઓ બધા એક વાતને સમજે છે કે તમારા જીવનમાં તમારા પતિ ખૂબ ખાસ છે અને તમે એમને કેટલો પ્રેમ કરો છો.

૫. તમે ખૂબ ખુશમિજાજ છો. જીવનસાથીની કોઇવાત પર તમે ખિલખિલાટ હસી દો તો તે વાત સ્પષ્ટ કરી દે છે કે તેમના સાથના કારણે તમે ખૂબ ખુશ છો, પણ આ વાતને શબ્દોમાં પણ વ્યક્ત કરવી જરૂરી છે. યુવકો જાણે છે કે વિનોદપ્રિયતા યુવતીઓને આકર્ષે છે.જ્યારે તમે તમારા જીવનસાથીને જણાવશો કે તેમનામાં આ પ્રકારનો ગુણ રહેલો છે, તો તેમના આનંદની કોઇ સીમા રહેશે નહીં.

૬. તમારી સાથે હું પોતાને સુરક્ષિત અનુભવુ છું.પુરુષોને લાગે છે કે તેમના સાથીની સુરક્ષા કરવી અને તેને દરેક રીતે સુરક્ષિત હોવાનો અનુભવ થાય તે તેમની ફરજ છે. જ્યારે તમે આ પ્રકારના વાક્ય તેમને કહેશો તો તેમને લાગશે કે તે તેમના પ્રયત્નમાં સફળ રહ્યા છે.

૭. તમે ખૂબ આકર્ષક છો.આવા પ્રકારની કોમ્પલીમેન્ટ ખાસ કરીને યુવતીઓને વધારે આપવામાં આવે છે. યુવકોને તેમના દેખાવના કારણે કોમ્પલીમેન્ટ મળે તેવું ઘણુ ઓછું બનતું હોય છે.જેના કારણે પોતાના દેખાવને લઈને તેઓ ઘણીવાર હતાશા પણ અનુભવતા હોય છે. તેવામાં જો તમે આવી કોમ્પલીમેન્ટ આપશો તો તેમના માટે તે મહત્વની બની રહેશે.

૮. મને તમારી સલાહની જરૂર છે. આવું કહીને તમે તેમને અહેસાસ કરાવી શકો છો, કે તમને તમારા પતિની કેટલી જરૂરીયાત છે. તેમની સલાહને તમે કેટલું વધારે મહત્વ આપો છો. આ જાણીને તેમને ખૂબ જ આનંદ થશે.

૯. તમે ખૂબ નિડર છો. આવી પ્રસંશા પ્રાપ્ત થવાથી પતિનો તેમના પોતા પરનો વિશ્વાસ હંમેશા માટે મજબૂત બની જશે.

૧૦. તમે ખૂબ સારા પિતા/ભાઇ/દોસ્ત છો. જીવનસાથીને હંમેશા એ વાતનો અહેસાસ કરાવતા રહો કે તમે તેમને તમારા સંબંધ ઉપરાંત બીજા સંબંધો માટે પણ મહત્વપૂર્ણ સમજો છો. કેટલાક સંબંધો તેમના માટે સ્પેશિયલ છે અને તે સંબંધોની



જવાબદારી તે જે રીતે પૂરી કરે છે તેનો અનુભવ તમે પોતે પણ કરો છો, તે તેમને શાબ્દીક રીતે જાણ કરતા રહો. તેમને આનંદ થશે અને તેમની વાતોને કોઇએ ધ્યાન પર લીધાનો અહેસાસ પણ થશે. .

૧૧. મને તમારા પ્રત્યે ખૂબ માન છે. જ્યારે આ પ્રકારની વાત તમે કહેશો ત્યારે તેમને અહેસાસ થશે કે તમારા દિલમાં એમના માટે કેટલું માન છે અને તમે એને તે જેવા છે તેવા જ રૂપમાં પસંદ કરો છો. તેમને આ વાત જાણવાની ખૂબ આતુરતા હશે કે તમે એમને જીવનમાં પ્રાથમિકતા ગણો છો કે એમનો આદર કરો છો કે નહીં.

પતિને હંમેશા એકવાત મૂંઝવતી હોય છે, કે તેની પત્નીના મનમાં તેના માટે કેવા પ્રકારના વિચારો હશે. ઘરમાં પણ નાના નાના કામોમાં તેમની મદદ લો, જેમકે કિચનમાં કોઇ ડબ્બો ખૂલતો ન હોય તો તેમને કહો. જેનાથી તેમને લાગશે કે નાની નાની બાબતોમાં પણ તમને તેમની વગર ચાલી શકે તેમ નથી. ક્યારેય કોઈ યુવતી તમારા પતિને જોતી હોય તો ઈર્ષ્યાભાવ રાખ્યા વગર તેમને જાણ કરો અને આના દ્વારા તેમને અહેસાસ કરાવો કે તમારા બે જણાની વચ્ચે તમે ક્યારેય કોઇને આવવા દેશો નહીં. તમને તમારા પતિ પર પૂરતો વિશ્વાસ છે તે શાબ્દિક રીતે કહો. તમારો આ પતિ પરનો વિશ્વાસ તેમને ખૂબ જ આનંદિત કરી દેશે. તમારા પતિ જો ફિટનેસ માટે એક્સરસાઇઝ કરી રહ્યા હોય તો તેમનો ઉત્સાહ વધારો. તમારી કોમ્પલીમેન્ટ ખૂબ ફાયદાકારક સાબિત થશે. એકબીજાના પર્યાય ગણાતા પતિ-પત્નીએ એકબીજાની સારી બાબતોને શાબ્દિક રીતે રજૂ કરીને એકબીજા પ્રત્યેના સાચા પ્રેમને પ્રતિબિંબિત કરવાનું ક્યારેય ચૂકવું જોઇએ નહીં.

સરવાળે સંબંધ – મેધા પંડ્યા ભટ્ટ

# રાજ્યમાં દિવાળી વેકેશન પછી બીજુ સત્ર ૧૫૦-૧૫૫ દિવસથી વધુ લાંબુ હોઈ શકે છે

ગાંધીનગર,તા.૩

સમગ્ર રાજ્યમાં હાલ દિવાળીના તહેવાર નિમિતે ૨૧ દિવસનુ દિવાળી વેકેશન શરુ થયુ છે. પહેલી વાર આ વખતે કોરોનામા વિદ્યાર્થીઓ વગર સ્કૂલો ચાલી અને ઓનલાઈન શિક્ષણ આપવામા આવ્યુ હતું. સ્કૂલોમા વર્ગખંડો અને શાળાના મેદાનો વિધ્યાર્થીઓ વિના સૂમસામ અને ખાલીખમ અને ભેકાર ભાસતા હતા. જોકી આ વર્ષે ગુજરાતના સ્કુલોમા બે અઠવાડીયા વહેલુ દિવાળી વેકેશન આપી દેવામા આવ્યુ છે. આ વખતે ૨૯ ઓક્ટોબરથી ૧૮ નવેમ્બર સુધી દિવાળી વેકેશન છે. આમ કરવા પાછળનુ મુખ્ય કારણ એ જણાવાયુ છે કે, સરકાર દિવાળી પછી શૈક્ષણિક સત્ર લાંબુ રાખવા માંગે છે. બીજુ સત્ર ૧૫૦-૧૫૫ દિવસથી વધુ લાંબુ હશે, જેથી આગળના સત્રમા જે સમય વેડફાયો તેની ભરપાઇ કરી શકાય. ગુજરાત સરકાર દિવાળી વેકેશન પછી ધોરણ. ૯-૧૨ ના વિધ્યાર્થીઓને બોલાવવામા આવી શકે છે. સામાન્ય રીતે બોર્ડની પરીક્ષા માર્ચ મહિનામા લેવાય છે. તે આવતા વર્ષે મે મહિનામા યોજાય તેવી શક્યતા છે. તેમ સુત્રોને કહેવુ છે. સુત્રએ વધુમા જણાવ્યા અનુસાર અન્ય ધોરણોની વાર્ષિક પરીક્ષા જે એપ્રિલમા લેવાતી હતી ,તે જૂન ૨૦૨૧માં લેવાઇ શકે છે.

ઉલ્લેખનીય છે કે, છેલ્લા સાત મહિનાથી સ્કુલો અને કોલેજો બંધ, વિધ્યાર્થીઓના ઓનલાઈન ક્લાસ લેવામાં આવે છે અને પરીક્ષા પણ ઓનલાઈન થાય છે. ૫૦ વર્ષમાં પહેલીવાર દિવાળી વેકેશન તહેવારોના બે અઠવાડીયા પહેલા શરુ થયુ છે. આ સુચવે છે કે દિવાળી પછી સ્કુલો ખુલી શકે છે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડને સંલગ્ન શાળાઓનુ શૈક્ષણિક વર્ષ સામાન્ય રીતે બે સત્રમા વહેચાયેલુ હોય છે. પહેલુ સત્ર જૂન મહિનામા શરુ થાય છે.

અને ૧૦૫ દિવસનુ હોય છે. આ સત્ર ૨૧ દિવસના દિવાળી વેકેશન સાથે પુરુ થાય છે. સામાન્ય રીતે ૨૧ દિવસનુ વેકેશન દિવાળીના બે ત્રણ દિવસ પહેલા.. શરુ થાય છે. અને દેવદિવાળીની આસપાસ પુરુ થાય છે. સૂત્રોના જણાવ્યા અનુસાર સરકારે દિવાળી વેકેશનની જે તારીખો જાહેર કરી છે. તેના પરથી અંદાજો લગાવી શકાય છે. કે તેમણે બીજુ સત્ર ૪૦ દિવસ જેટલુ લાંબુ રાખવાની યોજના બનાવી છે. શહેરી વિસ્તારોમા ઓનલાઇન કલાસ સરળતાથી ચાલતા હશે પરંતુ ગ્રામ્ય વિસ્તારોમા કનેકિટવિટી સહિતની અન્ય સમસ્યા વિધ્યાર્થીઓને નડી રહી છે. તેથી દિવાળી વેકેશન પછી સ્કુલો ખુલી શકે છે.

## વિચાર વિમર્શ
### પ્રાર્થના

હે મા, તુ અમારા વચ્ચે હાજરી હજુર છે. હે વહાલી મા ભગવતી તુ અમને તારા સાક્ષાત્કાર ની ખાતરી આપવા માગે છે. તારી પરમ સંકલ્પ શકતિ તારો આવિર્ભાવ કરવા તૈયાર છે. મને ખબર છે કે સાક્ષાત્કાર ની ઘડી આવી ગઈ છે. તારી સંકલ્પ શકતિ સાથે સંવાદ સર્જીને તારો આવિર્ભાવ કરી શકીશું. અંત્યત મુશકેલ લાગતી અંત્યત અસંભવિત દેખીતી, અને અંત્યત અશકય દેખાતી તે પુણ્ય રીતે સિદ્ધ થતી દેખાય છે. કેમકે તુ હાજરી હજુર છે તારી હાજરી માત્ર થી બહુ શકય બન્યું છે. આ સ્થુળ જગત તારા દિવય આવિર્ભાવ માટે તૈયાર છે.

શુભમ્ ભવતુ ભરત દવે

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક (સાહિત્ય સરિતા,મૌલિક રચનાઓ.- આયોજક પ્રદીપ રાવલ..સ્પર્ધા સંચાલક : જીજ્ઞા કાપુરિયાં.. એડમીન પેનલ

**ન્યુઝ ઓફ ગાંધીનગર સાહિત્ય સરિતા.મૌલિક રચનાઓ**
**વિષય/ શીર્ષક : "સરદાર વલ્લભભાઈ પટેલ"**
**વિભાગ : ગદ્ય**
**NG 0052**

સરદાર નામ પ્રમાણે જ અસરદાર,
વ્યકિતત્વ જ એવું કે તેમની આગેવાનીમાં સહુ સહભાગી બનવા ચાહે, જોડાવા ચાહે.
ચાહે તે હોઈ મહાત્મા કે હોઈ નહેરુ,
એક અટલ મનોબળ અને મજબૂત સમી ધરોહર એટલે સરદાર,
રજવાડા ભેગાં કરવાનાં હોય ,કે પછી પત્રમાં પોતાની ધર્મ પત્નીના મોતના સમાચાર જ કેમ ન હોય.
તેમને કોઈ શબ્દો કે પરિસ્થિતિ ડગમગાવી શકે જ નહી.
એવું અટલ મનોબળ તો સરદાર વલ્લભભાઈ પટેલનું જ હોય શકે.
કર્મ અને ફરજ પૂરી નિષ્ઠાથી નિભાવી જાણે એક એવું નોખું પાત્ર એટલે સરદાર,
સરદાર એટલે આગેવાન, નામ પ્રમાણે જ તેમણે બિરુદ લોકોએ આપ્યુ , અને સાચ્ચા અર્થમાં સરદારની વ્યાખ્યાને તેમને સાબિત કરી બતાવી.
આજનાં નેતાઓ સત્તાની મોહમાં એટલા બધાં લાલચું અને સ્વાર્થી બની જતા આપણે જોઈએ જ છીએ અને જોતાં આવ્યા છે પણ હા સરદાર નેતા બન્યા પછી પણ પોતાનાં માટે ફૂટી કોડી વાપરી ન હતી અને આ જ વાત તેમની રાષ્ટ્ર પ્રત્યેની સાચી ભકિત સાબિત કરવાં પૂરતી થઈ પડે તેમ છે.
સરદારે તો ત્યા લગી કહી દીધું હતું કે "મારી સિફારીશ લઈને કે મારું નામ લઈને કોઈપણ મારાં પરિવારનો સભ્ય આવે તો તેને નોકરીએ રાખવો નહી." તેઓ સત્તા પર હોવાં છતાં આવી કોઈ પ્રવૃતિને માન્ય રાખી નહોતી અને આ વાત જ તેમની મહાનતા પૂરવાર કરવા પૂરતી છે.
પોતે ઉચ્ચ હોદ્દા પર હોવાં છતાં તે સાધારણ વસ્ત્રો જ પહેરતા ,કોઇક એ તો તેમને એટલે સુધી પૂછી લીધું હતું કે "તમે આટલાં સાધારણ વસ્ત્રમાં જ કેમ ?"
નેતા તરીકે તમારે વધુ સારાં વસ્ત્રો પહેરવાં જોઈએ.
તેમનો જવાબ એટલો જ સરળ અને સીધો રહેતો કે "મારો દેશ હાલ ગરીબી ,ભૂખમરા જેવી સમસ્યાઓ સામે ઝઝૂમી રહ્યો છે અને હું ટીપટોપ ફરું તો કેટલાં અંશે તે વાજબી કહેવાશે?"
આ હતા સરદાર વલ્લભભાઈ પટેલ.
જયારે તેઓ મૃત્યુ પામ્યા ત્યારે તેમની સંપતિ માનવામાં ન આવે તેટલી સાધારણ ત્રણ આંકડા પૂરતી જ સીમિત રહી હતી.સરદાર જ્યા સુધી જીવ્યા ત્યા સુધી દેશ માટે જ જીવ્યા તેમણે ક્યારેય પોતાનાં અંગત સ્વાર્થ માટે , રાષ્ટ્ર પ્રત્યે કે ન તો પોતાની કોંગ્રેસ પાર્ટી સાથે દગો કર્યો હતો.
ઈતિહાસકારો તો ત્યાં સુધી કહે છે કે જો નહેરુની જગ્યા પર સરદાર વલ્લભભાઈ પટેલ હોત તો ....ભારતની દશા અને દિશા આજે અલગ જ હોત..ખેર હવે આ વાતો હવે ભૂતકાળ બની ગઈ છે.કરમની કઠણાઈ તો જુઓ કે આજે સરદાર વલ્લભભાઈ પટેલની જે વિશાળ પ્રતિમા પ્રસ્થાપિત કરવામાં આવી છે તેનો વિરોધ પણ કરે છે તો કોણ ? તેમની જ કોંગ્રેસ પાર્ટી.
સરદાર માટે જેટલું લખવામાં આવે કહેવામાં આવે તેટલું ઓછું પડે તેમ છે.સરદાર પટેલ જેવી અસાધારણ વ્યક્તિઓ પૃથ્વી પર ભાગ્યે જ જોવા મળે, અને છેલ્લે ગુજરાતી હોવાનો આપણે ગર્વ પણ લેવો રહ્યો કે સરદાર વલ્લભભાઈ પટેલ ગુજરાતી હતા.જેનો લાભ આખાં દેશને મળ્યો.
સંજય તરબદા "સાંજ" વડોદરા
નોંધ : સરદાર વલ્લભભાઈ પટેલના આ લેખમાં ,જો હું કદાચ ન્યાય ન આપી શક્યો હોઉં તો ,તે માટે ક્ષમા ચાહીશ..ભૂલ ચૂક લેવી દેવી

---

**NOG no : 0063**
**વિભાગ : મૌલિકરચના**
**પ્રકાર : ગદ્ય**
**શીર્ષક : સરદાર**

તેજસ્વી ચમકદાર આંખો, સાવજસરીખા જડબાં સાથે, જ્યારે નવજાત શિશુને નડિયાદ મુકામે મામા ડુંગરભાઈના હાથમાં દઈ, સૂયાણીએ વધાઈ ખાધી : 'લ્યો ભાઈ, લાડબાઈએ સાવજ જણ્યો.'
મામા ડણક્યા : 'તે સાવજને ઘરે તો સાવજ જન્મે ને.'
જી..હા ૧૮૭૫ના ઓક્ટોબર મહિનાની ૩૧ તારીખે બારડોલી નિવાસી ઝવેરભાઈ અને લાડબાઈને ઘરે પુત્રરત્નના પગલાં થયા. નામ રાખ્યું વલ્લભ.
આ પુત્ર જેને આપણે શ્રી વલ્લભભાઈ પટેલ એટલે કે સરદાર તરીકે ઓળખીએ.
કુશાગ્ર બુદ્ધિ ધરાવતા વલ્લભભાઈનું રાષ્ટ્રપ્રેમના સંસ્કારોનું સિંચન તો, બાળપણથીજ પિતા પાસે થયું. અડગ મનોબળ માતાએ સિંચ્યુ ને બહારથી કઠોર દેખાતા વલ્લભભાઈને □દયની રુજુતા શીખવી.જે આગળ જતાં લોકો સુધી પહોંચવા માટે ઉત્તમ માધ્યમ બની.
ચુસ્ત કોંગ્રેસી,વ્યવસાયે વકીલ અને પ્રખર વક્તા વલ્લભભાઈની દેશને સર્વપ્રથમ ઓળખ ઈસ્વીસન ૧૯૨૭માં અંગ્રેજો દ્વારા ખેડૂતો પાસેથી લેવામાં આવતા કરવેરાના વિરોધ માટે કરેલા આંદોલનથી થઈ. જેને આપણે 'બારડોલી સત્યાગ્રહ' તરીકે ઓળખીએ છીએ. આ સત્યાગ્રહ વખતેજ એમની અનોખી રણનીતિ પરની પકડ તથા નેતાગીરી કોંગ્રેસી વડાઓએ નોંધી.
પ્રચંડ લોકપ્રિય આ નેતાને મહાત્મા ગાંધીએ નામ આપ્યું 'સરદાર'.
અખૂટ રાષ્ટ્રપ્રેમ, કુશળ વ્યુહકાર,મજબૂત મનોબળ અને બહારથી કઠોર છતાં કોમળ □દયી સરદારે ત્યારબાદ તો, દેશની સ્વતંત્રતા અને ત્યારપછીના અનેક વિકટ પશ્નોને કુનેહપૂર્વક ઉકેલ્યા.એમાં રજવાડાઓનુ વિલિનીકરણ હોય કે પછી હૈદરાબાદ અને જુનાગઢનો પ્રશ્ન હોય, આંગળી ટેઢી કરી ઘી કેમ કાઢવું એનું ઉદાહરણ એટલે કાશ્મીરનું ભારતનું અવિભાજ્ય અંગ બનવું.
આવા અસંખ્ય પ્રશ્નોના નિરાકરણ લાવી ભારતના પ્રથમ ગૃહમંત્રી બનનારા દેશના સાચા રાહબર શ્રી સરદાર વલ્લભભાઈ પટેલને શત્ શત્ નમન.
રીટા ભાયાણી મીઠાપુર.

---

**NOG NO-oo31**
**ન્યૂઝ ઓફ ગાંધીનગર**
**વિભાગ-ગદ્ય**
**શીર્ષક-શરદપૂનમની રાત**

આજથી વીસ વર્ષ પહેલાં શરદપૂનમની રાતે ગામના ચોકમાંથી સહિયરો સાથે ગરબા રમી પાછી ફરી રહેલ ચંદાને રસ્તામાં ઠેસ વાગતા એ સહિયરોથી થોડી પાછળ રહી ગઇ અને એ ઠેસને કારણે એના જીવનમાં એવું કંઇક અજુગતું બન્યું કે એ શરદપૂનમની અજવાળી રાત પછી તેના જીવનમાં કાયમ માટે અંધારું છવાઈ ગયું.
મેઘલ કિશોરભાઇ ઉપાધ્યાય રાજકોટ

---


**NOG number - 0068**
**વિભાગ - પદ્ય**
**મૌલિક રચના**
**શીર્ષક - શરદ પૂનમ**

' ચાંદ ' ની આ સોળ કળાએ
ખીલવાની ,
યાદ મને તારા પર પ્રેમ
વરસાવવાની,
વરસાદની મોસમની છે આ ભીની રાતડી,
શરદ પૂનમની રાતડી સૌને યાદ રહેવાની...
મને લાગી લગન તને સ્નેહ કરવાની ,
મારા માટે તું ખુશનસીબ જ રહેવાની,
' ચાંદ ' ની અમૃતવર્ષામાં મોહિત થશું બંને,
લાગી લગન તારા ખાલી દિલને ભરવાની...
કેવી મજા આ ખુશનુમા દ્રશ્યને નિહાળવાની,
કેવી મજા સાથે દૂધ પૌઆ ખાવાની,
તરસ્યો છું તને મળવા આ રાતમાં,
શરદ પૂનમની ચાંદની " ચાંદ "ને ગમવાની...
પૂનમની રાત્રિમાં આ ચાર આંખો મળવાની,
શું મજા રાતડીમાં હાથમાં હાથ પરોવવાની,
ચહેરો બનશે તારો ચાંદ જેવો નિરાળો,
ભૂલી જઈશ હું મારી જ જવાની!!..
નાથબાવા ચાંદની સોમનાથ "ચાંદ"
માંડવી કચ્છ










## આઠ બેઠકો પર શાંતિપૂર્ણ રીતે મતદાન પૂર્ણ, સૌથી ઓછું ધારીમાં ૪૨.૧૮ ટકા મતદાન
# પેટાચૂંટણી: આઠ બેઠકો પર ૫૭.૭૮ ટકા મતદાન,સૌથી વધુ ડાંગમાં ૭૪ ટકા

(જી.એન.એસ)ગાંધીનગર,તા.૩

કોરોના મહામારીના સંકટ વચ્ચે ગુજરાતની વિધાનસભાની ૮ બેઠકોમાં અબડાસા, લીંબડી, મોરબી, ધારી, ગઢડા, ડાંગ, કપરાડા તથા કરજણ બેઠકની પેટાચૂંટણી માટેનું મતદાન પૂર્ણ થઇ ગયુ છે. હાલ લખાઇ રહ્યું છે ત્યારે આ સમયે આઠ બેઠકોનું કુલ મતદાન ૫૭.૭૮ ટકા થયું છે. આ પેટાચૂંટણીમાં કુલ ૮૧ ઉમેદવારોનું ભાવિ મતદાન પેટીમાં સીલ થઇ ગયુ છે. કોંગ્રેસના ધારાસભ્યોએ આપેલાં રાજીનામાં બાદ ખાલી પડેલી વિધાનસભાની આઠ બેઠકોને લઇને આજે આ પેટાચૂંટણી યોજાઇ હતી. ૧૦ નવેમ્બરે આઠ બેઠકના ચૂંટણીના પરિણામ જાહેર કરવામાં આવશે. ત્યારે વાત કરવામાં આવે તો ગુજરાતની વિધાનસભાની પેટા ચૂંટણીમાં સૌથી વધુ ડાંગમાં અને સોથી ઓછુ ધારીમાં નોંધાયુ છે. ડાંગમાં ૭૪.૭૧, કપરાડામાં ૬૪.૩૪, કરજણમાં ૬૫.૯૪, અબડાસામાં ૫૭.૭૮, લીંબડીમાં ૫૬.૦૪, મોરબીમાં ૫૧.૮૮, ગઢડામાં ૪૭.૮૬ અને ધારીમાં ૪૨.૧૮ ટકા મતદાન નોંધાયુ છે. આ સાથે સૌથી ઓછું ધારીમાં ૪૨.૧૮ ટકા મતદાન નોંધાયુ છે. આ પેટા ચૂંટણીમાં ભાજપ-કોંગ્રેસના મુખ્ય રાજકીય પક્ષોના હરીફ ઉમેદવારોની સાથોસાથ કુલ ૮૧ ઉમેદવાર ચૂંટણીના મેદાનમાં છે. રાજયસભાની ચૂંટણી તથા ત્યારબાદ કોંગ્રેસના ધારાસભ્યોના રાજીનામાના કારણે આ બેઠકો ખાલી પડી હતી. આ વખતની પેટા ચૂંટણીમાં મોટાભાગે કોંગ્રેસમાંથી રાજીનામું આપીને ભાજપમાં જોડાયેલા સભ્યો ઉમેદવાર હોવાથી સતત રાજકીય સ્થિરતા, વિકાસ, પક્ષાપલ્ટુ, વિશ્વાસઘાત જેવા આક્રમક મુદ્દા ચર્ચામાં રહ્યાં હતા. મોરબીમાં ૨૦ જગ્યાએ ઈવીએમમાં ખરાબી જોવા મળી હતી, જેના કારણે તાત્કાલિક ધોરણ તમામ ઈવીએમને બદલવામાં આવ્યા હતા. આ દરમિયાન મોહબીના કોંગ્રેસના ઉમેદવાર જેંતિભાઇએ દાવો કર્યો હતો કે તેઓ ૨૦,૦૦૦થી વધુના મતની લીડથી જીત હાંસલ કરશે.

કોંગ્રેસ દ્વારા ચૂંટણી પંચમાં બે લેખિતમાં ફરિયાદ કરવામાં આવી છે. મોરબી અને કરજણ મુદ્દે કોંગ્રેસે ચૂંટણીપંચમાં ફરિયાદ કરી છે. કોંગ્રેસે ભાજપના ઉમેદવાર પર મતદાન સમયે પણ પ્રચાર કરતા હોવાની ફરિયાદ કરી છે. ત્યાં જ ભાજપે કોંગ્રેસના એજન્ટોને હેરાન કરતા હોવાની ફરિયાદ કરી છે. બીજી તરફ કોંગ્રેસે રાજયના મુખ્યમંત્રીના પત્ની મોરબી શહેરમાં પ્રચાર કરતા હોવાનો આરોપ લગાવ્યો છે. બીજી તરફ કરજણ બેઠક પર પોલીસ હેરાન કરતી હોવાની કોંગ્રેસે ફરીયાદ કરી છે.

**પત્નીની અંતિમક્રિયા બાદ પતિએ કર્યું મતદાન**

મોરબીની માળીયા વિધાનસભા પેટા ચૂંટણીમાં પત્નીની અંતિમક્રિયા બાદ પતિ મતદાન મથક પોતાના મતાધિકારનો ઉપીયોગ કરી લોકશાહીના પર્વનું ખાસ ધ્યાન રાખ્યું હતું. બગસરા ગામના ચંદુભાઈ અખિયાણી પત્નીની અંતિમવિધિ કરીને તેઓ મતદાન કરવા પહોંચ્યા હતા અને તેમણે માળીયાના બગસરા ગામે મતદારે મતાધિકારની ફરજ નિભાવી હતી. ચંદુભાઈની પત્નીનું આજે અકસ્માતમાં અવસાન થયું હતું.

# સી-પ્લેનનો પહેલો ફેરો હાઉસફૂલ ,પેસેન્જર ન મળતાં બીજો ફેરો કરાયો રદ

અમદાવાદ,તા.૩

દેશના પ્રધાનમંત્રીનું સ્વપ્ન સાકાર થયું અને દેશનું પ્રથમ સી પ્લેન ગુજરાતને મળ્યું છે. સી પ્લેન શરૂ થયાના બીજા દિવસે બુકિંગ ફૂલ થઈ ગયું હતુ. પરંતુ બીજા દિવસે પેસેન્જર ન મલતા રિવરફ્રન્ટથી બીજો ફેરો કેન્સલ કરવો પડ્યો હતો. ત્યારે હવે રિવરફ્રન્ટથી વધુ એક મોટા સમાચાર સામે આવ્યા છે. આગામી બે દિવસમાં સી પ્લેન ઉડાન નહિ ભરે. તારીખ ૪ અને ૫ નવેમ્બરના રોજ સી પ્લેન ની એક પણ ફ્લાઇટ ઉડશે નહિ.

સમારકામ કરવાનું હોવાથી આ ફ્લાઈટ ઉડાન નહિ ભરે. ૬ નવેમ્બરથી રાબેતા મુજબ ફ્લાઇટ ઉડાન ભરશે. સી પ્લેન પ્રોજેક્ટના લોકાર્પણ બાદ મુસાફરો પણ તેનો લાભ લઇ રહ્યા છે. આજે અમદાવાદથી ઉડાન ભરનારી સી પ્લેનની બે ફ્લાઇટ મસાફરોથી ફૂલ થઈ ગઈ હતી. અમદાવાદથી બપોરે ૧૧ વાગે અને ૨ વાગે એમ બે ફ્લાઇટ ઉડાન ભરશે અને કેવડિયાથી છેલ્લી ફ્લાઇટ ૪.૩૦ વાગે અમદાવાદ આવવા નીકળશે. જોકે, મુસાફરોને હાલ બીજી તકલીફ ઓનલાઈન ટિકિટ બુકિંગમાં થઈ રહી છે. ઓનલાઈન ટિકિટ ઉપલબ્ધ ન હોવાથી મુસાફરોને વોટર એરોડ્રામ પર આવી ટિકિટ વિન્ડોથી સી પ્લેન માટે ટિકિટ લેવી પડી રહી છે. હાલ સીપ્લેનની ટિકીટ માટે ઓફલાઈન બુકિંગ કાઉન્ટર બંધ છે. બુકિંગ કાઉન્ટર બંધ થઈ જતા મુસાફરોને એરોડ્રામ સુધી આવવાની ફરજ પડે છે. તો બીજી તરફ, કેટલાક મુસાફરોનું કહેવુ છે કે તેઓને કાઉન્ટર પર ટિકિટ મળતી નથી. આવામાં મુસાફરોને કોઈ સ્પષ્ટતા ન થતા તેઓ અટવાયા છે.

## વડોદરામાં અલગ-અલગ 3 સ્થળોએ આઈપીએલનો સટ્ટો રમાડતા ૫ શખ્સો ઝડપાયા

વડોદરા,તા.૩

વડોદરામાં આઈપીએલની ક્રિકેટ મેચો પર સટ્ટો રમાડતા ૫ શખ્સોને વડોદરા શહેર પોલીસે ઝડપી પાડીને કાર્યવાહી હાથ ધરી છે અને ૧.૫૪ લાખ ઉપરાંતની મત્તા કબજે કરી છે, જ્યારે પોલીસે ૫ શખ્સોને વોન્ટેડ જાહેર કરીને શોધખોળ હાથ ધરી છે. સોમવારે મોડી રાત્રે વડોદરા ક્રાઈમ બ્રાંચના જવાનો પેટ્રોલિંગમાં હતા, તે દરમિયાન બાતમી મળી હતી કે, વડોદરાના વાઘોડિયા રોડ પર આવેલી પ્રમુખસ્વામી ટાઉનશીપમાં સંજય કુકરેજા નામનો વ્યક્તિ પોતાના મકાનમાં હાલમાં ચાલી રહેલી આઈપીએલની ક્રિકેટ મેચમાં દિલ્હી કેપિટલ અને રોયલ ચેલેન્જર્સ બેંગલોર મેચ પર ઓનલાઈન સટ્ટો રમાડી રહ્યો છે, જેના આધારે પોલીસે દરોડો પાડીને સંજય કુકરેજા ને ઝડપી પાડ્યો હતો.

દરોડા દરમિયાન પોલીસે રોકડા ૧૨,૦૫૦, મોબાઇલ ફોન અને ટીવી સહિત કુલ રૂપિયા ૨૭,૦૫૦ ની મત્તા કબજે કરી હતી. જ્યારે સટ્ટો રમવા માટે આઈડી આપનાર જતીન મકવાણા તેમજ કટિંગ કરનાર ભરત ઉર્ફે રાજાને વોન્ટેડ જાહેર કરીને તેની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે. બીજા બનાવમાં મકરપુરા પોલીસ સ્ટેશનના જવાનો સોમા તળાવ બ્રિજ નીચે પેટ્રોલિંગમાં હતા, તે દરમિયાન બાતમી મળી હતી કે, એક કાળા કલરની એક્ટિવા ઉપર બે ઈસમો ઈમરાનખાન પઠાણ(રહે, મધુનગર, ગોરવા) અને સંદીપ અડિયા(રહે, શ્રીજી ડુપ્લેક્ષ, વાઘોડિયા રોડ) હાલમાં ચાલી રહેલી કિંગ્સ ઈલેવન પંજાબ અને ચેન્નઈ સુપરકિંગ્સ વચ્ચે IPLની ક્રિકેટ મેચ પર ઓનલાઈન સટ્ટો રમાડી રહ્યો છે, જેના આધારે પોલીસે દરોડો પાડીને બન્ને શખ્સોને ઝડપી પાડ્યા હતા.

## ખેતરમાં છાણિયું ખાતર નાખવા હવે ખેડૂતોનો ભાર ઓછો થયો!
# છાણિયું ખાતર નાંખવા ઓટોમેટિક ટ્રેક્ટર ટોલી ખેડૂતો માટે આશીર્વાદ રૂપ સાબિત થઈ.



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

ખેડૂતો માટે અવનવિ ટેકનોલોજી ભારે ફાયદા રૂપ અને આશીર્વાદ રૂપ સાબિત થઈ રહી છે. ખેતી માટે વપરાતા જૂના સાધનો ને બદલે હવે નવી ટેકનોલોજી વાળા આધુનિક સાધનોએ આજે ખેડૂતોની દશા અને અને દિશા બંને બદલી નાંખી છે. જે પૈકી ખેડૂતો માટે કઠીન અને ખર્ચાળ ઘણાતું કામ એટલે ખેતરમાં છાણિયું ખાતર નાખવું, આ કામ માટે ફરજીયાત મજૂરને કામે લગાડવા જ પડતા હતા. પરંતુ હવે તેના માટે પણ નવિ આધુનિક ટોલી આવી ગઈ છે. જેમાં લોડર મશીન દ્વારા ઓટોમેટિક ટોલીમાં ખાતર ભરી ટોલી મારફતે ખેતરમાં સીધુજ ખાતર નાંખવાની ટેકનોલોજી આવતાં ખેડૂતો કામ નું ભારણ ઓછું થવા પામ્યું છે.

ખેડૂતની ખેતીમાં ફળદ્રુપતા અને ઊપજમાં સૌથી મોટો ફાળો ગાયો અને ભેંસોના સહિતના છાણમાંથી બનતા કુદરતી ખાતરનો હોય છે. અને એનો ઉપયોગ ખેડૂત પુરા વર્ષમાં એકજ વાર પોતાના ખેતરમાં નાખી કરતા હોય છે. ખેડૂતને આ ખાતરનો ઉપયોગ કરવાની સાથે તેના અંદર બનતા અમુક પ્રકારના જીવંત બેક્ટેરિયા ખાતર તડકામાં ગરમ થવાથી મૃત્યુ પામતા હોય છે. જેથી ખાતરની ફળદ્રુપતા ક્ષમતા ઓછી થઈ જાય છે જેથી તેને જમીનમાં ઝડપી સમયમાં ભેળવી દઈને ઊંડી ખેડ કરી જમીનને પાણી આપી દેવું પડતું હોય છે. અને આ પ્રમાણેની પદ્ધતિ ખેડૂત વર્ષોથી અપનાવી પોતાની જમીનને ખાતર આપવાનું કામ કરતા હોય છે. પરંતુ હાલની વાત કરીએ તો ટેકનોલોજીની સાથે અધતન સુવિધાઓ સાથે ઓટોમેટિક ટોલી હાલમાં ખેડૂતોના ખેતરઓમાં જોવા મળે છે. આ ટોલી ખાતર અંદર ભર્યા બાદ ટ્રેક્ટર સાથેની ટેકનીક દ્વારા પાછળના ભાગેથી ૨૦ ફૂટના ઘેરાવાંમાં છાણીયા ખાતરને ભુક્કો બનાવી ફેંકવાનું કામ કરે છે ખાતર જમીન ઉપર ફેલાવવાના કામમાં ટ્રેક્ટરના ડ્રાઈવર સિવાય કોઈ મજૂરની જરૂર પડતી નથી. આ ઓટોમેટિક ટોલી દિવસ દરમિયાન ઓછામાં ઓછા ૮૦ થી ૧૦૦ ફેરા કરવાની ક્ષમતા ધરાવે છે. સાદી ટોલી દ્વારા ખાતર નાખવામાં ૬ મજૂર અને ટ્રેક્ટર ડ્રાયવરની જરૂર રહે છે. જ્યારે આ ટેકનોલોજીમાં માત્ર ટ્રેક્ટર ડ્રાયવર એકની જ જરૂર રહે છે.

ખેડૂતોની માંગ વધતાં એકમાંથી ત્રણ ટોલી વસાવી:(કરશનભાઈ ચૌધરી, ટ્રેક્ટર મલિક)

×પોતાના લોડર સહિત પોતાના ત્રણ ટ્રેક્ટર ધરાવું છું અને છેલ્લા ચાર વર્ષથી એક ટ્રોલી અને ત્યાર બાદ ખેડૂતોમાં માંગ વધતા બીજી બે ટ્રોલી વસાવી છે. જેના કારણે સમયસર ખાતર નખાતાં ખાતરની યોગ્યતા પણ જળવાઈ રહે છે. તેમજ ખેતપેદાસમાં ખાતરનો ઉપયોગ સરળ બની રહે છે.×

ખેડૂતને ખર્ચ અને સમય બંનેની બચત

આધુનિક ટેકનોલોજી વાળી ઓટોમેટિક ટોલીના કારણે ખેડૂતોને પોતાના ખેતરમાં છાણિયું ખાતર નાંખવા માટે ટ્રેક્ટર અને ટોલીની સાથે મજૂરો ની જરૂર પડતી હતી. પરંતુ આ ઓટોમેટિક ટોલી ના કારણે ખેતરમાં સાદી ટોલી માંથી ખાતર નીચે નાંખવા અને નિચે નાંખ્યા પછી ખાતર ફેદવા માટે મજૂરની જરૂર પડતી નથી. જેના કારણે મોટો આર્થિક ફાયદો પણ થાય છે.

આ ઉપરાંત ખાતર મજૂરો મારફતે ફેદવા માં જેટલો સમય થાય છે. તેના કરતાં નહિવત સમયમાં ઓટોમેટિક ટોલીના કારણે ખાતર નંખાઈ જાય છે. માટે ખેડૂતો ને સમય અને ખર્ચ બંને માં મોટો ફાયદો થાય છે.

# સિદ્ધપુરના વારાહીના મહાડમાં પ્રાચીન હરસિદ્ધ માતાના મૂળ સ્થાનકે પાટોત્સવ યોજાયો

સિદ્ધપુરના વારાહીના મહાડમાં કૃષ્ણ ભગવાન અને સિદ્ધરાજ જયસિંહના કુળદેવી અને રાજા વિક્રમાદિત્ય ની આરાધ્ય દેવી શ્રીહરસિદ્ધિ માતાજીનું પ્રાચીન મંદિર આવેલું છે.જયાં સંવત ૧૬૯૦થી પ્રતિવર્ષ આસો વદ ત્રીજના દિવસે પાટોત્સવ યોજાય છે ચાલુ સાલે માતાજીનો પાટોત્સવ આસો વદ ત્રીજને મંગળવારના દિવસે ઉજવાઈ ગયો.



શ્રીહરસિધ્ધ માતાજી દાલભ્ય ગોત્રી ત્રિવેદી પરિવારો ગૌભીલ અને શાંડિલ્ય ગોત્રી ભટ્ટ પરિવારોની કુળદેવી હોઈ માતાજીના ભક્તો દૂર-દૂર ગામેગામથી સવારથી દર્શનાર્થીઓ દર્શન કરવા આવ્યા હતા સાંજે ચાર વાગ્યે નવચંડીયાગ ની પુર્ણાહુતી કરાઇ હતી અત્રે ઉલ્લેખનીય છે કે હરસિધ્ધ માતાજી ના ભારતભરમાં ત્રણ મુખ્ય સ્થાનકો આવેલા છે જેમાં સિધ્ધપુર મૂળ સ્થાનક તરીકે પૂજાય છે જ્યાં માતાજીનું પૂર્ણ સ્વરૂપ હોઈ પૂર્ણ શણગાર સાથે બિરાજે છે બીજું સ્થાનક કોયલી ડુંગર પોરબંદર પાસે આવેલું છે જ્યાં માતાજી નું અડધું શરીર છે કહેવાય છે કે કૃષ્ણ ભગવાન ના કહેવાથી રાક્ષશો અને જગડુશા શેઠની ના વહાણોનું રક્ષણ કરવા માટે માતાજી ત્યાં સ્થાયી થયા હતા.

ત્યાર બાદ ત્રીજું સ્થાનક ઉજ્જૈનમાં રાજા વિક્રમાદિત્યની આરાધ્ય દેવી હોય વિક્રમ રાજાએ ત્યાં મોટું મંદિર બનાવ્યું હતું ત્યાં મંદિરમાં માતાજી નું મુખ છે અને તે પંચની દેવી તરીકે ઓળખાય છે માતાજીના નિજમંદિરે પાટોત્સવ હોય પૂજારી નિખિલભાઈ ઠાકર દ્વારા સવારથી માતાજીને ષોડશોપચાર પૂજા કરી સોળે શણગાર સજાવ્યા હતા ત્યાર બાદ મહાઆરતી કરી નવચંડી યાગ સિદ્ધપુરના વિદ્વાન આચાર્ય હરેશભાઈ શુક્લ અને તેમની વિદ્વાન બ્રાહ્મણોની ટીમ દ્વારા સેનીટાઇઝર અને સોશિયલ ડિસ્ટન્સ સાથે કરવામાં આવ્યો હતો યજ્ઞના યજમાન તરીકે કંદર્પભાઈ ત્રિવેદીએ પરિવાર સાથે ઉપસ્થિત રહી યાગ સંપન્ન કર્યો હતો

## સરકારી નોકરી કરવાને બદલે બનાસકાંઠાના ડીસા તાલુકાના નાગફણા ગામ ના અનુસ્નાતક યુવાન ખેડૂતે

# ખેતી કરવાનો દઢ સંકલ્પ કર્યો અને આ ખેડૂતે મધની ખેતી કરી અને લાખો રૂપિયા કમાવવામાં સફળતા મેળવી

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

ગુજરાતમાં સરહદી બનાસકાંઠા જિલ્લો ખેતીમાં અવલ નંબરે જોવા મળી રહ્યો છે ત્યારે શિક્ષિત યુવકો પણ હવે ખેતી તરફ જોડાયા છે આધુનિક ખેતી કરી અને મહેનતથી વર્ષે દાડે લાખોની કમાણી કરી રહ્યા છે ત્યારે બનાસકાંઠાની જીવાદોરી સમાન બનાસડેરીના મહત્વકાંક્ષી પ્રોજેક્ટ માં યુવાન ખેડૂતો આધુનિક પદ્ધતિથી ખેતી કરીને ખેતીમાં કાઠું કાઢી રહ્યા છે ત્યારે ડીસા તાલુકાના ના નાગફણા ગામના યુવાને ખેડૂત પંકજભાઈએ અનુસ્નાતક થઈ અને સરકારી નોકરી કરવાને બદલે ખેતી કરવાનો દઢ સંકલ્પ કર્યો અને બનાસ ડેરી અને દાંતીવાડા યુનિવર્સિટી ના માર્ગદર્શનથી મધની ખેતી ની શરૂઆત કરી



આશરે ચારેક વર્ષ પહેલા ૧૦ પેટી સાથે મધ ઉછેર ની શરૂઆત કરી હતી ત્યારે આજે આ યુવાન ખેડૂતે ૯૦૦ જેટલી મધ ની પેટી રાખી અને લાખોની કમાણી કરી રહ્યો છે આ મધ ઉછેરનો વ્યવસાય એવો છે કે ખેતીના અન્ય પાકો માટે પણ ફાયદાકારક છે મધ ઉછેર ની માખીઓ ની પરાગ નયન ની કાર્યપદ્ધતિથી તલ જીરું એરંડા વરીયાળી જેવા પાકોને પણ ફાયદો થાય છે ત્યારે બનાસકાંઠાના આ ખેડૂતે ત્રણ વર્ષની મહેનત બાદ મધ ઉછેરની કરી અને વર્ષે ૧૫ લાખ ની કમાણી કરી રહ્યો છે જોકે આ પ્રગતિશીલ ખેડૂત પાસેથી હવે ખેડૂતો પણ મધ ની માખીઓ ની પેટી ઓ લઈ જાય છે શરૂઆતમાં ૧૦ પેટી આ ખેડૂતે ભાડે આપી હતી પરંતુ આ ખેડૂત અત્યારે ૩૦૦ પેટી અન્ય ખેડુતોને ભાડે આપી રહ્યો છે જેથી અન્ય ખેડૂતો પણ મધ ઉછેર કરીએ ને લાખોની કમાણી કરી શકે જોકે નાગફણા ના અનુસ્નાતક યુવાને બનાસ ડેરી અને દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના સંકલનથી મધ ઉછેર કરી અને એક આધુનિક ખેતી તરીકેનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે હાલ એક વર્ષ મા મધ વેચી ૨૦ લાખ જેટલો બિઝનેશ કરી રહયા છે અને શારા રૂપિયા કમાવી રહયા છે જર નજીવા ખર્ચે શારી ઉપજ મેળવી રહ્યા છે. ઓછી મહેનતથી મદદ ઉછેરનો આ વ્યવસાય છે પરંતુ આ વ્યવસાયમાં મહેનતની વધારે જરૂરિયાત હોય છે મધમાખી પણ એક જીવ છે અને તેને સાચવવાની પ્રક્રિયા એક માણસના જીવ ને સાચવવા જેવી પ્રક્રિયા હોય છે ત્યારે માખીઓ મરે નહીં અને મધ ઉછેરમાં વ્યાપક પ્રમાણમાં માખીઓ નો ઉપયોગ થાય તે હેતુથી આ મધ ઉછેર વ્યવસાય માં ચોવીસ કલાક નિગરાની રાખવી પડે છે જોકે આ પ્રગતિશીલ ખેડૂત પોતાના ખેતરમાં મધમાખી અને સાથે સાથે અન્ય પાકોની પણ અથવા લોકોને પણ નુકસાન ન થાય એ પ્રકારે દરકાર રાખી અને મદદ ઉછેરનો વ્યવસાય થઈ રહ્યો છે. બનાસકાંઠાના ભણેલા ગણેલા યુવાનો પણ હવે આધુનિક પદ્ધતિ ખેતી તરફ વળ્યા છે ત્યારે પરંપરાગત ખેતી સાથે સાથે હવે આધુનિક પદ્ધતિથી મધ ઉછેર ની ખેતી કરી અને આ યુવાનો પણ હવે લાખો રૂપિયા રહ્યા છે ત્યારે બનાસકાંઠાના ડીસા તાલુકાના યુવાને એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે અને સાથે સાથે અન્ય ખેડૂતો માટે પણ પ્રેરણાદાયક છે

## મોડાસા સબજેલમાં ફૂટ્યો ‘Corona બોમ્બ‘,વિસ્ફોટ

# ૧૩૮ કેદીમાંથી રેપીડ ટેસ્ટમાં ૭૧ કેદીઓ કોરોનાંગ્રસ્ત, આરોગ્ય તંત્રમાં દોડધામ



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લામાં કોરોનાનું સંક્રમણ રોકેટ ગતિએ વધી રહ્યું છે મોડાસા શહેરમાં ૩૦૦ જેટલા દર્દીઓ કોરોનાના સંક્રમણો ભોગ બન્યા છે મોડાસા શહેરમાં માલપુર રોડ પર આવેલી સબજેલમાં કાચા અને પાકા કામના ૧૩૮ કેદીઓ રાખવામાં આવ્યા છે જેમાંથી એક સાથે ૭૧ કેદીઓને કોરોના રેપીડ ટેસ્ટ પોઝિટિવ આવતા વહીવટી તંત્ર સતર્ક બન્યું છે.ત્યારે દિવસે દિવસે વધી રહેલા કોરોના સંક્રમણ જોતા લોકોએ હાલ સાવચેતી રાખવાની જરૂર છે. અરવલ્લી જીલ્લામાં કોરોના કેસોનો આકડો સતત વધી રહ્યો છે સરકારી ચોપડે કોરોનાના દર્દીઓની ૫૯૫ પર પહોંચી છે બીજી તરફ શિયાળાની શરૂઆત થતા કોરોના રેપીડ પોજીટીવ કેસો પણ વધી રહ્યા છે.

હાલ જિલ્લામાં રોજના ૧૦૦ જેટલા રેપીડ પોજીટીવ કેસો સામે આવી રહ્યા છે ત્યારે જીલ્લાના મુખ્ય મથક મોડાસા ખાતે આવેલી સબ જેલના ૧૩૮ કેદીઓના આજે કોરોના રેપીડ ટેસ્ટ કરાવ્યા હતા. જે પૈકી ૭૧ કેદીઓને રેપીડ પોજીટીવ આવતા હડકંપ મચ્યો છે જેલ અધિકારીઓ અને જીલ્લા વહીવટી તંત્ર દ્વારા જેલના કેદીઓને મોડાસા અને વાત્રક કોવીડ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં અવ્યા છે.

બીજી તરફ જેલમાં અડધો અડધ કેદીઓનો રેપિડ કોરોના ટેસ્ટ પોઝેટીવ આવતા જેલને આરોગ્ય તંત્ર દ્વારા સેનેટાઇઝેશનની કરવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે. સબજેલમાં આરોગ્ય તંત્ર દ્વારા સર્વેની કામગીરી કરવામાં આવી રહી છે ઉલ્લેખનીય છે કે જેલમાં એક કેદીને રવિવારે તાવ શરદીની તકલીફ થયા બાદ તેનો ટેસ્ટ પોઝિટિવ આવતા જેલ અધિકારી અને આરોગ્ય વિભાગ દ્વારા જેલના બધાજ કેદીઓના ટેસ્ટ કરાવવાનું નકી કરાયા બાદ ટેસ્ટી કામગીરી હાથ ધરવામાં આવતા આ ચોકાવનારી વિગત સામે આવી છે જેના પગલે જીલ્લા આરોગ્ય વિભાગ પણ સતર્ક બન્યું છે

## ઈડર મામલતદાર કચેરીના ત્રણ કર્મચારીઓને કોરોના પોઝિટિવ કેસ આવતા કચેરીના કામકાજ પર નિયંત્રણ લદાયું



દેશ ભરમાં કોરોનાએ હાહાકાર મચાવ્યો ત્યારે ગુજરાત ભરમાં પણ લોક ડાઉન બાદ સરકાર દ્વારા અનલોક જાહેર કરવામાં આવતા શહેરોના બજારોમાં લોકો વગર માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સ રાખ્યા વગર આમતેમ ટોળેટોળાં જોવા મળી રહ્યા છે જેના કારણે કોરોનાનું સંક્રમણ દિવસેને દિવસે વધતું જાય છે ત્યારે સાબરકાંઠા જિલ્લામાં પણ કોરોનાનો કહેર જોવા મળ્યો છે જેના કારણે ઈડર મામલતદાર કચેરી ખાતે કર્મચારીઓ કોરોનામાં સપડાયા છે મામલતદાર કચેરીમાં કોરોનાનું સંક્રમણ વધી રહ્યું છે ત્યારે ઈડર મામલતદાર કચેરીમાં ત્રણ કર્મચારીઓને કોરોના કેસ પોઝીટિવ આવતા તંત્રમાં હડકંપ મચી છે જેના કારણે કચેરીના કામકાજ પર હાલ પૂરતું નિયંત્રણ લાદવામાં આવ્યું છે મામલતદાર કચેરીમાં કામ કરતા પુરવઠા નાયબ મામલતદાર,ક્લાર્ક, અને ઓપરેટર ને કોરોના પોઝિટિવ કેસ નોંધાયા છે જે હાલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા છે કચેરી ખાતે દૂર દૂર થી કામકાજ અર્થે આવનારા અરજદારને અગત્યનું કામકાજ ચાલુ રાખવામાં આવેલ છે અને ટેબલવર્ક પણ ચાલુ છે જ્યારે મામલતદાર કચેરી ખાતે આજદિન સુધી ૮ જેટલા કર્મચારીઓને કોરોના કેસ પોઝિટિવ આવતા કચેરીના કામકાજ પર કેટલીક અસરો પડી રહી છે જેથી અગત્યના કામકાજ અર્થે કચેરી ખાતે આવનારા અરજદારોને સાવચેતીના ભાગરૂપે મોઢે માસ્ક બાંધી સોશિયલ ડિસ્ટન્સ રાખી મામલતદાર કચેરીમાં પ્રવેશ આપવામાં આવી રહ્યો છે.

આ બાબતે ઈડર મામલતદાર શુ કહે છે.

ઈડર મામલતદાર કચેરી ખાતે કોરોના કેસ આવતા મામલતદાર એચ.વી. કોદરવી ને પૂછતા તેમણે જણાવ્યુ હતુ કે કચેરી ખાતે કર્મચારીઓના કોરોના કેસ આવતા હાલ પૂરતું કચેરીના કાણકાજ પર નિયંત્રણ લાદવામાં આવ્યું છે અને જો કોઈ અરજદારને અગત્યનું કામકાજ હોય તો તે કરી આપવામાં આવે છે અને કચેરીનું ટેબલવર્ક કામકાજ ચાલુ છે અને આવનારા અરજદારોને અપીલ કરવામાં આવે છે કે કોરોનાની મહામારીમાં કચેરી ખાતે અગત્યના કામકાજ અર્થે આવનારા અરજદારોએ સોશિયલ ડિસ્ટન્સ જાળવી મોઢે માસ્ક બાંધી કચેરીમાં પ્રવેશ કરવો અને પોતાનું અને પરીવારના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું જોઈએ જ્યારે અગત્યનું કામકાજ હોયતોજ ઘરની બહાર નીકળવું જોઈએ,

માલજીદેસાઈ ઈડર

## અરવલ્લીમાં ગાંજાની ખેતીનો પર્દાફાશ

# તખતપુરા ગામે ખેતર માંથી ૪૮ છોડ સાથે નશાની ખેતી કરનાર ખેડૂતને એસઓજી પોલીસે ઝડપ્યો

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લા પોલીસવડા સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ જીલ્લા પોલીસતંત્ર સતત નશાના કારોબાર કરનાર અસામાજીક તત્વો સામે ગાળીયો કસ્યો છે જીલ્લામાં એસઓજી પોલીસે નશાની ખેતી ઝડપી પાડી હતી જીલ્લામાં ગાંજાનું વ્યસન પણ મોટા પ્રમાણમાં થઈ રહ્યું છે શહેરી વિસ્તારમાં યુવાનો ગાંજાની લતે ચઢી બરબાદીની ગર્તમાં ધકેલાઈ રહ્યા છે જીલ્લામાં ગાંજાના બંધાણીઓ ખેતરમાં કે ઘરની આજુબાજુ એકાદ બે છોડ વાવી નશાને સંતોષતા હોય છે ત્યારે એસઓજી પોલીસે મોડાસા તાલુકાના તખતપુરા ગામેથી કપાસની ખેતીની આડમાં ખેતરમાં ગાંજાના વાવેતરનો પર્દાફાશ કરી ૪૮ નાના મોટા તાજા લીલા છોડ સાથે ૪૬ હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી સુરજી થાવરાભાઈ અસારીને ઝડપી પાડી એનડીપીએસ એક્ટ મુજબ ગુન્હો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



અરવલ્લી એસઓજી પીઆઈ જે.પી.ભરવાડ અને તેમની ટીમે પેટ્રોલીંગમાં હતી એસઓજી હેડકોન્સ્ટબલ કલ્પેશસિંહને તખતપુરા ગામે સુરજી અસારીએ તેના ખેતરમાં કપાસની ખેતીની આડમાં ગેરકાયદેસર ગાંજાની ખેતી કરી રહ્યો હોવાની બાતમી મળતા એસઓજી પોલીસે એફએસલ અધિકારી,પંચો સાથે રાખી રેડ કરી કપાસના ખેતરમાં શોધખોળ હાથધરતા કપાસના વાવેતર કરેલ ખેતરમાં કપાસની વચ્ચે થોડા થોડા અંતરે ગેરકાયદેસર ઉછેરેલ ૪૮ છોડ મળી આવતા એસઓજી પોલીસે ૪૮ છોડ કીં.રૂ.૪૬૬૩૦/- નો જથ્થો જપ્ત કરી નશાની ખેતી કરનાર સુરજી થાવરાભાઈ અસારીની ધરપકડ કરી કરી એનડીપીએસ એક્ટ મુજબ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

# પાંથાવાડા હાઈવે કલાકો સુધી ચાર કિલોમીટર ટ્રાફિકમાં ફેરવાયો



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

પાંથાવાડા માર્કેટ યાર્ડ મગફળી ખરીદી માટે નુ હબ છે .અહી રાજસ્થાન વિસ્તાર સહિત આજુબાજુના વિસ્તારમાંથી પુષ્કળ પ્રમાણમાં મગફળી ની આવક થાય છે.ચાલુ વર્ષે આ વિસ્તારમાં મગફળીનુ વધુ પ્રમાણમાં વાવેતર થવાથી ,મગફળીના સારા ભાવ મળતા હોવાથી તેમજ દિવાળીના તહેવારોની રજાઓ નજીક આવવાથી માર્કેટ યાર્ડમાં પુષ્કળ પ્રમાણમાં મગફળી વેચાણ અર્થ આવે છે. આજે વહેલી સવારથી પાથાવાડા માર્કેટમાં રાજસ્થાન સહીત વિસ્તારોમાંથી મગફળી વેચાણ અર્થ આવતા ૧૦વાગ્યા સુધી માં જ માર્કેટમાં વાહનોની કતાર તેમજ મગફળીની બોરીના ઢગ થતા ટ્રાફિક જામ થઈ ગયો હતો.ધીમે ધીમે ટ્રાફિકના કારણે પાથાવાડા સ્ટેટ હાઈવે પર મગફળી ભરેલા વાહનોની આડેધડ કતાર થતા ટ્રાફિક સર્જાયો હતો. થોડી જ વારમાં વાહનોની કતાર ની ૨ થી ૩ કિમી જેટલી લાબી કતાર લાગી હતી.ટ્રાફિકના પગલે પાથાવાડા પોલીસ સ્ટાફ ચાલુ સિઝનમાં એવરેજ મગફળીની આવક ૨૫ થી ૩૦ હજાર બોરી મગફળીની આવક પર દિવસ સામે આજ રોજ ૫૦ થી ૬૦ હજાર બોરીની આવક નોંધવામાં આવી હતી.

પાંથાવાડા પોલિસની ટ્રાંફિક હટાવવા ની સફળ કામગીરી.....

પાથાવાડા માર્કેટ યાર્ડ મગફળી ખરીદી માટે નુ હબ છે .અહી રાજસ્થાન વિસ્તાર સહિત આજુબાજુના વિસ્તારમાંથી પુષ્કળ પ્રમાણમાં મગફળી ની આવક થાય છે.ચાલુ વર્ષે આ વિસ્તારમાં મગફળીનુ વધુ પ્રમાણમાં વાવેતર થવાથી ,મગફળીના સારા ભાવ મળતા હોવાથી તેમજ દિવાળીના તહેવારોની રજાઓ નજીક આવવાથી માર્કેટ યાર્ડમાં પુષ્કળ પ્રમાણમાં મગફળી વેચાણ અર્થ આવે છે. આજે વહેલી સવારથી પાથાવાડા માર્કેટમાં રાજસ્થાન સહીત વિસ્તારોમાંથી મગફળી વેચાણ અર્થ આવતા ૧૦વાગ્યા સુધી માં જ માર્કેટમાં વાહનોની કતાર તેમજ મગફળીની બોરીના ઢગ થતા ટ્રાફિક જામ થઈ ગયો હતો.ધીમે ધીમે ટ્રાફિકના કારણે પાથાવાડા સ્ટેટ હાઈવે પર મગફળી ભરેલા વાહનોની આડેધડ કતાર થતા ટ્રાફિક સર્જાયો હતો. થોડી જ વારમાં વાહનોની કતાર ની ૨ થી ૩ કિમી જેટલી લાબી કતાર લાગી હતી.ટ્રાફિકના પગલે પાંથાવાડા પી.એસ.આઈસહિત સ્ટાફ સહિત તાત્કાલિક પહોંચી ટ્રાંફિક સ્થળે ટ્રાંફિક હટાવવા ની સફળ કામગીરી ગણતરી ની મિનીટમાં ટ્રાફિક હલ કરીને હાઈવે પર નો જામ દુર કરેલ.ચાલુ સિઝનમાં એવરેજ મગફળીની આવક ૨૫ થી ૩૦ હજાર બોરી મગફળીની આવક પર દિવસ સામે આજ રોજ ૫૦ થી ૬૦ હજાર બોરીની આવક નોંધવામાં આવી હતી.



**વાલમ બ્રાહ્મણ સમાજ ના ઈતિહાસ માં પહેલી વાર એક ક્રિકેટ ટુર્નામેન્ટ નું તા ૩૧/૧૦/૨૦ અને ૧/૧૧/૨૦ ના રોજ નિકોલ અમદાવાદ ખાતે આયોજન કરવામાં આવેલ કુલ આઠ ટીમોએ ભાગ લીધેલ કડી નડીઆદ અમદાવાદ વગેરે ટીમ જોડાયેલ ફાઈનલમાં ચરોતર વિભાગ ની ટીમ વિજેતા થયેલ વિનર્સ ટ્રોફી અને રનર્સઅપ મા નિકોલ- ઓઢવ ટીમ ને ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવેલ સમસ્ત વાલમ બ્રાહ્મણ સમાજ માં પ્રથમ વાર યોજાયેલી ક્રિકેટ ટુર્નામેન્ટમાં ખૂબ જ સરસ પ્રતિસાર મળ્યો છે એ બદલ દરેક યુવા મિત્રો અને વડીલોનો ખુબ ખુબ આભાર માનવામાં આવેશે.શ્રી ભાઈલાલભાઈ ભટ્ટે અખબારી યાદીમાં જણાવ્યું છે**

## વિધાનસભાની ચૂંટણીના ગણતરીના કલાકો પહેલા

# ડીવાયએસપી ભરત બાસિયાએ રતનપુર ચેકપોસ્ટ પાસે ટ્રકમાંથી ૧૨.૩૯ લાખનો દારૂ ઝડપ્યો



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

રાજયમાં વિધાસભાની આઠ બેઠકો માટે આજે મતદાન થઇ રહ્યું છે ત્યારે સોમવારે મતદાનના ગણતરીના કલાકો પહેલા અરવલ્લી ડીવાયએસપી ભરત બસિયા અને શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ નજીક રામજી નામના બુટલેગરે મંગાવેલ ૧૨.૩૯ લાખનો વિદેશી દારૂ ટર્બો ટ્રકમાંથી ઝડપી પાડી ટ્રક ડ્રાઈવર અને ક્લીનરની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી ડીવાયએસપી ભરત બાસિયાએ રામજી નામના બુટલેગરની ઓળખ કરી ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા હતા

અરવલ્લી ડીવાયએસપી ભરત બસીયા શામળાજી પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં રાજસ્થાની યુવકની હત્યા થતા સ્થળ તપાસ કરી હત્યારાઓને ઝડપી પાડવા કામગીરી દરમિયાન રતનપુર ચેકપોસ્ટ નજીક રાજસ્થાનથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથધરતાં શંકાસ્પદ ઝડપ સાથે પસાર થતા આઈશર ટ્રકને અટકાવી તલાસી લેતા ટ્રકમાં લાકડાના વેર ભરેલ પ્લાસ્ટીક થેલીઓના કટ્ટાની આડમાં સંતાડીને ઘુસાડાતો ગેરકાયદેસર વિદેશી દારૂ-બિયર પેટી નંગ-૨૪૭ કુલ બોટલ-ટીન નંગ -૭૧૬૪ કી.રૂ.૧૨૩૯૧૨૦/-નો જથ્થો જપ્ત કરી ટ્રક ચાલક છગનસિંહ કેસરસિંહ ચૌહાણ અને ક્લીનર પ્રકાશ ગોકુલજી પ્રજાપતિ (બંને,રહે ,રાજસ્થાન) ની ધરપકડ કરી મોબાઈલ, ટ્રક મળી કુલ.રૂ.૨૦૪૦૬૨૦ /- નો મુદ્દામાલ ઝડપી પાડી વિદેશી દારૂ મંગાવનાર રામજી નામના બુટલેગર વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK